

# અધ્યાત્મ

વર્ષ-૨ ફેબ્રુઆરી-૧૯૮૧ અંક-૫

## નવા આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. નવા નોંધાયેલ સભ્યોનાં નામ આ પ્રમાણે છેઃ–

૧૧૭ શ્રી ચીમનલાલ ઈશ્વરભાઈ અમીન, વડોદરા રૂ. ૨૫૧

૧૧૮ શ્રી નાનાલાલ મોતીલાલ પરીખના સ્મરણાર્થે,
વડોદરા રૂા. ૨૫૧

૧૧૯ શ્રી. મહેન્દ્ર ડી. પાઠક, વડોદરા રૂા. ૨૫૧

૧૨૦ હિંમતલાલ જેઠાલાલ શાહ મુંબઈ રૂા. ૨૫૧

૧૨૧ પ્રભુલાલ ભાઈચંદભાઈ, વડોદરા રૂા. ૨૫૧

## ભેટ

અધ્યાત્મને તેના વાંચકો શુભ પ્રસંગે અગર તો બીજી રીતે આર્થિક સહાય કરતા રહ્યા છે. અમેરિકામાં 'અધ્યાત્મ'ના પ્રસાર માટે સહાયરૂપ થનાર શ્રી ભગવાનજીભાઈ સીતારામ ભક્ત અને તેમના પત્ની શ્રીમતી કંચનબેન–ભારતમાં સામાજિક માંગલિક પ્રસંગોએ પણ એને ભૂલ્યાં નથી ને નીચે પ્રમાણે ભેટ મોકલાવી છે.

રૂા. ૧૦૧–૦૦ બેન જાગૃતિના તથા રૂા. ૧૦૧–૦૦ ભાઈ વિજયના લગ્ન પ્રસંગે ભેટ મોકલાવ્યા છે.

રૂા. ૧૧–૦૦ રાજેન્દ્રભાઈ ભટ્ટ શ્રી રામ ઔષધાલય, વડોદરા.
શુભ ભાવનાથી.



શ્રી. રામકૃષ્ણ પરમહંસ–ભાવ સમાધિમાં

# શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ

અધર્મ જ્યારે પ્રસરે ધરામાં,
અંધાર વ્યાપે જડતા હવામાં,
ત્યારે તમે જ્યોતિ બની પ્રકાશો,
ને ચેતના નિત્ય નવી પ્રસારો,
સદ્ધર્મને નૂતન પ્રાણ આપો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો...

યુગે યુગે ચિન્મય દેહ ધારી,
લીલા કરી પ્રેરક દિવ્ય ન્યારી,
અનુગ્રહે ભક્ત અસંખ્ય તારી,
સંમોહ, સંતાપ, વિષાદ મારી,
પ્રકાશનો પંથ સદા બતાવો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો....

મા શારદાના પ્રભુ પ્રાણ પ્યારા,
યોગીન્દ્ર, જ્ઞાની, ઋષિ શ્રેષ્ઠ ન્યારા,
હે પ્રેમના સાગર, હે પવિત્ર,
પ્રપન્નના પૂરણ સત્ય મિત્ર,
કૃપા કરો તો ભય ના રહે કશો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો...

કૃપા કરી દો, વરદાન આપો,
આસક્તિ ને ક્લેશ મમત્વ કાપો,
રક્ષો સદા સર્વ સ્થળે અમોને,
પ્રશાંતિ પૂર્ણત્વ વિમુક્તિ આપો,
અનાથના નાથ થયા સદા છો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો..

❋



# શ્રદ્ધાંજલિઓ

ભાવનગરના જાણીતા વૈદરાજ શ્રી મગનભાઈ ગોહિલનો સ્વર્ગવાસ તા. ૨૭-૧-૮૧ના રોજ રાત્રે બે વાગે થયો. કોઈપણ પ્રકારની ગંભીર માંદગી વગર, તેમ જ છેવટ સુધી તદ્દન સ્વસ્થપણે તેમણે શરીરનો ત્યાગ કર્યો, એ એમની અનેક વર્ષોની એકધારી પ્રભુ ભક્તિ તથા ધ્યાનના પરિપાક-રૂપે લેખી શકાય.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીમાં એમને ખૂબ શ્રદ્ધા. ભાવનગરના યોગેશ્વર ધ્યાન કેન્દ્ર સાથે તેઓ છેલ્લા આઠ-નવ વર્ષોથી સંકળાયેલા. એમના અવસાનથી એમના કુટુંબને તો ન પૂરાય તેવી ખોટ પડી છે, પરંતુ યોગેશ્વર ધ્યાન કેન્દ્ર-ના પરિવારે પણ એક સંનિષ્ઠ સજ્જનને ગુમાવ્યા છે.

તેઓ ખૂબ ઓછા બોલા ને સ્વભાવે અતિશય શાન્ત હતા. એ જ શાન્તિ એમના મૃત્યુ પછી પણ એમની સહચરી બની રહો, એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

---

મહાત્મા શ્રી યોગેશ્વરજીના અનન્ય ભક્ત રાજકોટના શ્રી શાન્તિભાઈ કનેરિયાના મોટાભાઈ શ્રી વિઠ્ઠલભાઈ કનેરિયાનું અવસાન પણ જાન્યુ. ૮૧ દરમ્યાન થયું. ટૂંકા પરિચયે, પૂર્વના સંસ્કારોને લીધે એમને પણ પૂ. શ્રીમાં ખૂબ શ્રદ્ધા થઈ ગયેલી. તેઓ નિવૃત્ત જીવન ગાળતા ને પોતાનો ઘણો ખરો સમય સદ્ગ્રંથોના અધ્યયન અને પ્રભુના નામસ્મરણમાં પસાર કરતા.

પ. પૂ. માતાજીની માંદગી પ્રસંગે તેઓ રાજકોટથી ત્રણેક વખત ભાવનગર આવેલા ત્યારે તેમના જીવન વિષે

જાણવા મળ્યું. સારા માણસો એ સમાજની મૂડી છે, એમના જવાથી સમાજને ખોટ પડે. શરીર સારૂં હોવા છતાં, વાનપ્રસ્થ જીવન પ્રત્યે વળી જઈને, એમણે પોતાના મનને અંતરમુખ કરી દીધેલું. એવા વિઠ્ઠલભાઈની, એમના કુટુમ્બને વડીલ તરીકેની અને આપણુ સહુને એક સારા, ઉદાર, સત્સંગીની ખોટ સાલે એ દેખીતું છે. પ્રભુ એમના આત્માને શાન્તિ આપે.

## લવાજમની નોંધ

અધ્યાત્મનું બીજું વર્ષ ઓકટો. ૮૦થી શરૂ થયું છે. એટલે બીજા વર્ષનું લવાજમ ઓકટો. ૮૦થી સપ્ટે. ૮૧ સુધી ગણાશે. પાછળથી લવાજમ ભરનારને અગાઉના જે અંકો સીલકમાં હશે તે ટપાલથી મોકલી આપવામાં આવશે લવાજમ મનીઓર્ડરથી મોકલી શકાય છે. —તંત્રી

"જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા સુખ કે શાંતિનો અનુભવ નથી થતો."

-શ્રી યોગેશ્વરજી


કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઇ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭


# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૨ અંક : ૫ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ (વિમાનથી)



**સંસ્થાપક :**

**પ. પૂ. યોગેશ્વરજી**

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ

મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**

શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**

શ્રી નાનુરામ દુધરેજિયા

શ્રી ભાઈલાલભાઈ છાટબાર

શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**

શ્રી સર્વેશ્વરી

શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)

શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)

શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)

શ્રી જે. વી. શાહ (મુંબઇ)

શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)

શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)



**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**

'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી

સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**

નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ

લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧


## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રદ્ધાંજલિઓ | ૧ | |
| શાંતિનો ઉપાય | ૫ | શ્રી યોગેશ્વરજી |
| શ્રી રામકૃષ્ણદેવ | ૭ | સ્વામી શ્રી ગંભીરાનંદ |
| ગુંજતા રહેવું | ૧૩ | રજનીકાન્ત મહેતા |
| નિયમોનો નિયામક એટલે જ ઈશ્વર | ૧૪ | ગાંધીજી |
| માતૃભક્ત મહાત્મા યોગેશ્વરજી | ૧૭ | શ્રી સર્વેશ્વરી |
| ધાર્યું ધણીનું થાય | ૨૩ | શ્રી યોગેશ્વરજી |
| સાગર ચિન્મય છે અને સાગરો ચરણસ્પર્શ કરે છે. | ૨૪ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| જ્ઞાન અને અજ્ઞાન | ૩૦ | ડૉ. શાન્તિલાલ ન. અમીન |
| પ્રકાશના પંથે | ૩૪ | દીપક પ્ર. મહેતા |
| શ્રી ગિરીશચંદ્ર ઘોષ | ૩૮ | નારાયણ હ. જાની |
| મત્સ્યાસન | ૪૩ | શ્રી મણિભાઈ શાહ |
| કબીર સુધા–૨ | ૪૬ | ઈશ્વરભાઈ પટેલ |
| આવ મારા શ્યામ તને | ૫૨ | સર્વેશ્વરી |
| યોગક્ષેમમ્ વહામ્યહમ્ | ૫૪ | શ્રી લાભુભાઈ ભટ્ટ |
| મન તકરારી | ૫૬ | કમળાબેન ઠક્કર |
| પરમ ચેતના પુરુષ પંડિત સુખલાલજી | ૫૭ | પ્રપજલાલ કાજી |
| શ્રદ્ધાની દીવડી | ૬૧ | શ્રી હરિભાઈ ભોજાણી |



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો**

વર્ષ : ૨ ફેબ્રુઆરી–૧૯૮૧ અંક : ૫


## શાંતિનો ઉપાય

તાપથી સંતપ્ત પ્રવાસી પંથમાં બેસીને પોકારો પાડવા લાગ્યો. અરે કોઈ છાયા તો બતાવો. મારે છાયાની આવશ્યકતા છે. શીતળ છાયાની આવશ્યકતા છે. મને કોઈ ઘટાદાર વિશાળ વૃક્ષની પાસે તો પહોંચાડો.

પ્રવાસીની પાસે જ, એના પંથની એક તરફ જ વિશાળ ઘટાદાર વૃક્ષ હતું. એની શીતળ છાયામાં જઈને શાંતિ મેળવવાનું જ શેષ હતું. ત્યાં જવાનું પ્રવાસીના હાથમાં હોવા છતાં એ પોકારો પાડીને બેસી રહેલો. એવી રીતે પોકારવાથી એ વૃક્ષ પાસે પહોંચી શકે અને એને છાયા પણ મળી શકે ?

આજે સંસારમાં ચારે તરફ અશાંતિના ઓળા ઉતરેલા છે. માનવ સંપૂર્ણપણે સુખી નથી. સુખની શોધમાં છે. પરંતુ એ સુખ એને સાંપડે કેવી રીતે ? પડછાયાની પાછળ પડવાથી પ્રકાશ નથી મળતો. પ્રકાશની તરફ અભિમુખ બનવાથી પ્રકાશ, પ્રકાશવાન પદાર્થ અને પડછાયાની પ્રાપ્તિ આપોઆપ થાય છે. જેમનામાં સુખ શાંતિ આનંદ છે એટલું જ નહીં પરંતુ જે સ્વયં સુખસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પરમાનંદ સ્વરૂપ છે, તે પરમાત્મા પ્રત્યે અભિમુખ બનવાથી જ જીવન સુખમય, શાંત, સુસંવાદી, સ્થિર, સંપૂર્ણ, સાર્થક કે ધન્ય બને છે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

પરંતુ વિષયાસક્ત વિષયાભિમુખ મન એ વાતને ભૂલી જાય છે. અને યાદ રાખે છે તોપણ એ પ્રમાણે વર્તતું નથી. એને લીધે દુઃખી

થાય છે ને ક્લેશ અશાંતિ તથા બંધનો ને અનુભવે છે. સમીપમાં જ રામભક્તિની સુરસરિતા કે સ્વર્ગંગા છે તોપણ પિપાસુપ્રાણ ઝાકળનાં બિંદુની કામના કરે છે. ધૂમ્રસમૂહને નિહાળીને તૃષાર્ત ચાતક વરસાદના વારિવાળું વાદળ સમજી બેસે છે. વિષયોમાં સુખ નથી છતાં જીવ તેમાં સુખ સમજે છે.

ઐસી મૂઢતા યા મનકી.
પરિહરિ રામભક્તિ સુરસરિતા આશ કરત ઓસકન કી.—ઐસી
ધૂમ્ર સમૂહ નિરખી ચાતક જ્યાં તૃષિત જાનિ મતિ ઘન કી,
નહિ તહીં શીતલતા ન વારિ પુનિ હાનિ હોત લોચન કી.
ઐસી મૂઢતા યા મનકી.

પરમાત્મા પ્રત્યે અભિમુખ થવાથી જ સુખશાંતિ સાંપડે છે. પરમાત્માથી વિમુખ બનવાથી દુઃખ મળે છે. શાસ્ત્રો અને સંતોએ એ અનુભવ વાતને અવાર નવાર કહી બતાવી છે. માનવ એને જીવન વ્યવહારમાં વણી લે એટલી જ વાર છે.

પ્રકૃતિના પંથે પ્રયાણ કરનારો માનવ પ્રવાસી પ્રશાંતિની શોધમાં છે. પ્રસન્નતાની ઇચ્છા રાખે છે. એણે પ્રકૃતિને નાથીને બાહ્ય સુખોપભોગનાં સાધનોને વસાવ્યા છે. પરંતુ પ્રકૃતિના આટલા બધા એકધારા પ્રવાસ પછી હવે એને લાગે છે કે જીવનમાં અસંતોષ અને અશાંતિના ઓળા ઊતર્યા છે, સંતાપ નથી શમ્યા, શાંતિનો સૂર્યોદય નથી થયો. પ્રસન્નતાનું પુનિત પ્રભાત નથી પ્રકટ્યું. ધન્યતાનાં ઉલ્લાસસૂચક મંગલમય વિહંગગીતો નથી ગવાતાં. સાર્થકતાની સ્વસ્થ સમીર લહરી પોતાનું લલિત લતસ્યનૃત્ય નથી કરતી. એનો પ્રાણ પોકારે છે. શાંતિને ઝંખે છે. એને આપણે કહીએ છીએ કે શાંતિની સ્વર્ગંગામાં સ્નાન કરો. તમે શાંતિ સ્વરૂપ છો. સુખ સ્વરૂપ છો. તમારી અંદર રહેલા શાંતિના સ્વર્ણભંડારને શોધી કાઢો કે હસ્તગત કરવાનો પ્રયત્ન કરો. પછી સઘળા સંતાપો શાંત થશે. જીવન અને એનો પ્રવાસ સરસ, સાર્થક બનશે.



સમન્વયકારી વિશ્વ ધર્મના અપૂર્વ દ્રષ્ટા

# શ્રી. રામકૃષ્ણદેવ

સ્વામીશ્રી ગંભીરાનંદ
અનુવાદ–તંત્રી

[ તા. ૧૮મી ફેબ્રુઆરી શ્રી રામકૃષ્ણદેવની જન્મ જયંતી હોવાથી, આ અંકમાં તેઓશ્રી વિષેનો ખાસ લેખ આપવામાં આવ્યો છે. –તંત્રી ]

ગઈ સદીના પ્રારંભમાં, ભારત દેશ ભારે કટોકટીમાંથી પસાર થઈ રહ્યો હતો. અંગ્રેજી શિક્ષણના ફેલાવાને લીધે. તેમ જ પશ્ચિમી સંસ્કૃતિની અસરના પરિણામે ભારતીય લોકો પોતાની જ સંસ્કૃતિ તેમ જ ધર્મમાંથી શ્રદ્ધા ને રસ ખોવા માંડ્યા હતા. ખાસ કરી અંગ્રેજી શિક્ષણ પામેલા ભારતીયોમાં, ભારતમાં જન્મ્યા હોવા છતાં, અને ભારતીય સાંસ્કૃતિક વારસો ધરાવતા હોવા છતાં, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સાચો આદરભાવ બહુ ઓછાઓમાં જોવામાં આવતો.

આ સમયે જ બંગાળના દૂરના ખૂણાના એક ગામમાં, એક મહાપુરુષનો જન્મ થયો. તેમનું જીવન જાણે કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મની થતી ઉપેક્ષા સામે. પ્રબળ અને સ્વાભાવિક પ્રતિકાર સમાન બની રહ્યું. કુદરતની એક અકળ લીલાના જાણે કે ભાગરૂપ હોય તેમ, ભારતના તે વખતના રાજધાની તેમ જ અંગ્રેજી શિક્ષણના ગઢ સમાન કલકત્તા શહેરમાં જ્યારે ખ્રિસ્તી મિશનરીઓ હિન્દુધર્મની મૂર્તિપૂજક તરીકે ભારે ટીકા ને નિંદા કરી રહ્યા હતા, ને અંગ્રેજી

શિક્ષણ પામેલા ભારતીયો પણ તેઓને ધર્માંતર કરી, સીધો કે આડકતરો ટેકો આપી રહ્યા હતા, ત્યારે કલકત્તાથી માત્ર ચાર માઈલ ઉત્તરે, દક્ષિણેશ્વરમાં શ્રી. રામકૃષ્ણ પોતાની પ્રબળ સાધના વડે હિંદુ ધર્મનાં રહસ્યો ને સત્યોને, અદ્ભુત દર્શનો ને અનુભૂતિઓના આધારે પુનર્જીવિત કરી રહ્યા હતા. અને તેઓ થોડા જ વખતમાં ભારતના લોકોનું ધ્યાન પોતાના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાની ભવ્યતા, સુંદરતા અને શક્તિ પ્રત્યે ખેંચવાના પ્રબળ સાધનરૂપ બની રહ્યા.

શ્રી રામકૃષ્ણનો જન્મ હુગલી પરગણાના એક નાના સરખા કામારપુકુર નામના ગામમાં ૧૮ ફેબ્રુઆરી, ૧૮૩૬ ના રોજ થયો હતો. તેમનાં માતાપિતા, પવિત્ર, ધાર્મિક ને રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારનાં હતાં અને કૌટુમ્બિક વાતાવરણ એવું હતું કે જેમાં પશ્ચિમી સંસ્કૃતિનું એક નાનું સરખું કિરણ પણ પ્રવેશી ન શકે. શ્રી રામકૃષ્ણ પ્રકૃતિના એક બાળક સમાન હતા. એટલું જ નહિ પરંતુ જીવનભર તેઓ દુન્યવી સાંસારિક અસરોથી સંપૂર્ણ મુક્ત રહી, બાળક સમાન નિર્દોષ જ રહ્યા. કોઈ સુંદર પ્રાકૃતિક દૃશ્ય કે લાગણીને હલાવી નાંખે તેવી ધાર્મિક ભાવનાને જોતાંવેંત જ તેઓ ભાવસમાધિમાં ડૂબી જતા તેમ જ આસપાસના વાતાવરણનું ભાન ભૂલી જતા.

એમનાં માતાપિતા ગામઠી શાળામાં અભ્યાસ કરવા એમને જ્યારે દબાણ કરતાં, ત્યારે બાળક રામકૃષ્ણને ખુલ્લાં ખેતરોમાં ઘુમવાનું ને સાથી ગોઠિયાઓ જોડે ધાર્મિક નાટકો ભજવવાનું કે સંગીત સાથે ભજનો ગાવાનું વધુ ગમતું. ગામડાના આવા વાતાવરણમાં રખે એનું જીવન બગડી



જાય તે ભયે વધુ સારી શિક્ષણની સગવડતાવાળા કલકત્તા શહેરમાં મોટાભાઈ સાથે એમને મોકલવામાં આવ્યા. પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું. શ્રી રામકૃષ્ણને ભણવાનું બોજારૂપ લાગતું. એમને રોટલા કમાઈ આપતા ભણતરમાં રસ ન હતો. એ તો એવા શિક્ષણના ઉત્સુક હતા કે જે જન્મ અને મરણનાં રહસ્યોનો ઉકેલ બતાવે. છેવટે એમના વડીલોએ કંટાળીને એમને ભણાવવાની માથાકૂટ છોડી દીધી.

આમ છતાં દક્ષિણેશ્વરમાં ૧૮૫૫માં ખુલ્લું મૂકવામાં આવેલ કાલી મંદિરના પૂજારી તરીકેનું કામ સ્વીકારવા શ્રી રામકૃષ્ણને સમજાવવામાં આવ્યા. આ કામ એમના સ્વભાવને ગમતું. વળી વાતાવરણ પણ અનુકૂળ હતું આમ છતાં શ્રી રામકૃષ્ણનું મન કેવળ રોજિંદી ફરજો કે યંત્રવત્ કરાતી ધાર્મિક વિધિઓથી સંતોષ માને તેવું ન હતું. કાલી માતાની મૂર્તિની રોજ બ રોજ પૂજા કરતાં એમના મનમાં વિચાર ઉઠતો "આ મૂર્તિ શું ખરેખર જીવંત છે, કે પછી માત્ર પાષાણની પ્રતિમા છે જેને હું રોજ પ્રણામ કરું છું ?" આ વિચારોને લીધે એમને ખૂબ માનસિક દુઃખ થયા કરતું અને આ સાદો બાળ સહજ વિચાર એમના સમગ્ર અસ્તિત્વને ભરખી રહ્યો. આના આ જ વિચારો એમને રાતદિવસ આવ્યા કરતા અને તેઓ બાળકની જેમ રડી રડીને પોતાની ભાવના વ્યક્ત કર્યા કરતા. એના પરિણામે એમને કાલીમાતાની પ્રતિમામાં કોઈપણ પ્રકારની શંકાથી પર એવી જીવંત ચેતનશક્તિના અસ્તિત્વનો અદ્ભુત અનુભવ થયો. તે પછી તો કાલી મા જેને એ જગદંબા કહેતા, એ એમને મન દુનિયાની કોઈપણ ભૌતિક વસ્તુ કરતાં વધુ વાસ્તવિક બની રહ્યાં. એ એમની સાથે વાતો કરતા, એમને પ્રાર્થના કરતા, એમનાં સ્પષ્ટ વચનો

સાંભળતા, એમનો સ્પર્શ અનુભવતા, એટલું જ નહિ પણ એ આ જે શ્વાસોશ્વાસ લેતાં, તેનો અનુભવ પણ એ કરી શકતા. આ કેવી રીતે શક્ય બન્યું તે આપણે સાબીત કરી શકીએ એમ નથી, પરંતુ તેમને માટે તો તે સત્ય જ હતું.

શ્રી રામકૃષ્ણને કેવળ એક પ્રકારની સાધનાથી સંતોષ થયો નહિ. હિંદુ ધર્મમાં જુદા જુદા સૈકાઓ દરમ્યાન જે વિવિધ આધ્યાત્મિક સ્વરૂપોની સાધના પ્રચલિત બની, તે લગભગ બધાં જ સ્વરૂપોની સાધના એમણે કરી. એથી એમ જરૂર કહી શકાય કે ભારતના હજારો વર્ષોના ધાર્મિક ઇતિહાસને એમણે માત્ર એક જિંદગીમાં જ પ્રતિપાદિત કરી દીધો. આ ખરેખર અભૂતપૂર્વ ઘટના હતી. સામાન્ય રીતે તો સાધક મોટે ભાગે એકાદ પ્રકારની આધ્યાત્મિક સાધનાનો આધાર લે અને એમાં જો એ સફળ થાય તો ધન્યતા અનુભવે. જ્યારે અહીં તો શ્રી રામકૃષ્ણદેવે અનેક પ્રકારની સાધના કરી અને કલ્પી ન શકાય તેટલા ટૂંકા ગાળામાં દરેકમાં સિદ્ધિ પ્રાપ્ત કરી. કેવળ આટલાથી જ સંતોષ ન અનુભવતાં, એમણે મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મોનો અંગીકાર કરી એમનાં સત્યોની અનુભૂતિ પણ મેળવી. આ રીતે એમણે પોતાનો જાત અનુભવ મેળવ્યો કે બધા જ ધર્મો સાચા છે અને મૂળભુત રીતે એમનામાં કોઈ વિરોધાભાસ નથી. એમણે પોતાના ઉપદેશોમાં આ સત્ય ઉપર જ ખાસ ભાર મૂક્યો છે.

જીવનના પાછલાં કેટલાંક વર્ષો દરમ્યાન તેઓ સભાન અવસ્થા કરતાં વધારે ભાગે દેહાતીત અવસ્થામાં રહેતા. પરમ ચૈતન્ય શક્તિ સાથેનો એમનો સંપર્ક સતત રહ્યા કરતો. અને જ્યારે પણ કોઈ ધાર્મિક વિચાર સાથે દૂરનો પણ



સંબંધ ધરાવતી વાતનો ઉલ્લેખ થતો, તો એમનું મન તુરત જ ભાવાતીત અવસ્થામાં ડૂબી જતું, ને તેઓ આસપાસના વાતાવરણનું જ નહિ, બલ્કે પોતાના શારીરિક અસ્તિત્વનું ભાન પણ ગુમાવી દેતા !

એમના મનની આવી ઉચ્ચ અવસ્થાને લીધે, કોઈપણ પ્રકારનો દુન્યવી વિચાર લાવવો એમને માટે અશક્ય હતો. ત્યાગનું તો તેઓ જાણે કે સાકાર સ્વરૂપ જ હતા. અજાણતાં પણ જો એમની આંગળીઓથી ધાતુના સિક્કાને સ્પર્શ થઈ જતો તો તેઓ આખા શરીરે ભારે આંચકો અનુભવતા; કારણ કે ધનનો આવો સ્પર્શ એમને મન દુન્યવી ઇન્દ્રિયજન્ય સુખની ઇચ્છાનું પ્રતિપાદન કરનારો હતો. એ પોતે સંસારમાં રહેતા છતાં પણ એમનું મન હંમેશા સંસારથી પર રહેતું મોટે ભાગે તો તે દિવ્યદર્શનો, ભાવસ્પર્શો કે પરમશક્તિ સાથેના સતત જોડાણમાં ડૂબેલું રહેતું.

આવું પ્રબળ વ્યક્તિત્વ છાનું થોડુંજ રહી શકે? નહિ-જ. ધીમે ધીમે લોકો એમની પાસે ધાર્મિક પ્રેરણાઓ તેમ જ જીવનમાં અગમ્ય રહસ્યોનાં ઉકેલ મેળવવા માટે આવવા લાગ્યા. જીવનના વિવિધ વ્યવસાયોમાં પડેલા તેમ જ વિવિધ પ્રકારના સ્વભાવવાળા લોકો એમની પાસે આવતા. આ લોકોમાં, રાષ્ટ્રીય મોટા નેતા શ્રી ક્રિસ્તોદાસ પાલ, બંગાળી ભાષાના જાણીતા લેખક શ્રી. બંકિમચંદ્ર ચેટરજી, બંગાળીભાષાના પ્રખર નાટ્ય લેખક ને અભિનેતા શ્રી ગિરીશચંદ્ર ઘોષ, જાણીતા ડોક્ટર શ્રી મહેન્દ્રલાલ સરકાર, રૂઢિચુસ્ત હિંદુ સમાજના આગેવાન અને સંસ્કૃતભાષાના પ્રખર પંડિત શ્રી શશધર તારક ચુડામણિ, બ્રહ્મો સમાજના નેતા શ્રી કેશવચંદ્ર સેન વગેરેનો સમાવેશ થતો. આ બધા તે વખતના

સમાજના આગેવાનો એમની પાસે આવી, એમના ધર્મોપદેશનું પાન કરતા. એમના અસંખ્ય સ્ત્રી–પુરુષ ભક્તોના જીવનમાં એમણે પરિવર્તન આણ્યું અને તેઓ બધાં શુદ્ધ કાંચન સમાન બની ગયા ! આમ છતાં એમને ખાસ લેવા દેવા તો એમનો સ્ત્રી–પુરુષ શિષ્યનો જે નાનો સમુદાય હતો તેમની સાથે હતો, એ બધાંના જીવન એમણે ખૂબ કાળજીથી ઘડ્યાં કે જેથી એ સર્વ પોતાના ધ્યેયની પૂર્તિમાં ઉપયોગી થઈ શકે.

સને ૧૮૮૫ના અધવચ્ચે શ્રી રામકૃષ્ણદેવ બિમાર પડ્યા એમની સારવારની સગવડતા ખાતર એમને પહેલાં કલકત્તાના શ્યામપુકુરમાં ઓકટોબરના અન્તમાં ખસેડવામાં આવ્યા. તે પછી કાશીપોરના બંગલામાં ડિસે. ૧૮૮૫માં લઈ જવામાં આવ્યા, જ્યાં તેઓએ ૧૬મી ઓગસ્ટ ૧૮૭૬ના રોજ મહાસમાધિ લીધી. માંદગીનો આ દુઃખદ સમય જો કે એમના અંતરંગ શિષ્યોને એક બીજાની વધુ નજીક લાવી પ્રેમની મજબૂત ગાંઠે બાંધવામાં નિમિત્તરૂપ બન્યો. એટલુંજ નહિ પરંતુ આ સમયે શ્રી રામકૃષ્ણદેવને પોતાના ભવિષ્યના ધ્યેયની પૂર્તિ માટે ચોક્કસ અને નક્કર સ્વરૂપે પાયો નાંખવા માટે આવશ્યક એવી શિષ્યોને તાલીમ આપવાની તક પૂરી પડી.

શ્રી રામકૃષ્ણ પાસે આવતા શિષ્યો ત્રણ પ્રકારના હતા. શ્રી શારદામાની આગેવાની નીચેનું સ્ત્રીવૃંદ, શ્રી નરેન્દ્રનાથ દત્તની દોરવણીવાળું યુવાનોનું જૂથ, જેમણે પાછળથી સંસારનો ત્યાગ કર્યો અને નાગમહાશય, શ્રી ગિરીશચંદ્ર ઘોષ જેવા બીજા ગૃહસ્થી શિષ્યો.



## ગુંજતા રહેવું

(ગઝલ)

અટલ વિશ્વાસથી જીવનની વાટે ચાલતા રહેવું,
હરિનું નામ હરનિશ મંદ સૂરે ગુંજતા રહેવું.

સમેટીને બધી તૃષ્ણા તિતિક્ષા વાસનાઓને,
સમર્પણ ભાવથી ચરણે સદા આનંદતા રહેવું.

હૃદયમાં મૂર્તિનું સ્થાપન નયનમાં પ્રેમનું અંજન,
નિરંજનના નિકટવર્તી બની મન રંગતા રહેવું.

હશે કંટક હશે કંકર ભયંકર કોતરો કેડી,
પ્રભુ જ્યાં પંથદર્શક સંશયોને ખુલતા રહેવું.

હવે કલ્યાણ યાત્રા પણ સુલભ લાગી રહી કેવી !
રહી વરસી કરુણા, અંજલિમાં ઝીલતા રહેવું.

રજનીકાન્ત મહેતા.

# નિયમોનો નિયામક એટલે જ ઈશ્વર

ગાંધીજી

હું માનવજાતની સેવા દ્વારા ઈશ્વરનાં દર્શન કરવા મથી રહ્યો છું. કારણ, હું જાણું છું કે ઈશ્વર નથી સ્વર્ગમાં કે નથી પાતાળમાં, તે તો એકેએક માણસના અંતરમાં વસે છે.

માણસનું અંતિમ ધ્યેય ઈશ્વરનો સાક્ષાત્કાર છે, અને તેની રાજકીય, સામાજિક અને ધાર્મિક બધી જ પ્રવૃત્તિઓ ઈશ્વરના સાક્ષાત્કારના અંતિમ ધ્યેયને લક્ષમાં રાખીને ચાલવી જોઈએ. પોતાની નજીકનાં માણસોની સેવા આ પ્રયત્નનો આવશ્યક ભાગ એટલા માટે બની જાય છે કે ઈશ્વરને તેની સૃષ્ટિમાં જોવા અને તેની સાથે એક થઈ જવા સિવાય ઈશ્વરને પામવાનો બીજો કોઈ માર્ગ નથી. અને એ બધા માનવોની સેવા મારફતે જ બની શકે.

દુનિયાના બધા મહાન ધર્મોનાં પાયાનાં સત્યો હું માનું છું. હું એમ માનું છું કે એ સત્યો બધાં ઈશ્વરદત્ત છે, અને હું એમ પણ માનું છું કે જે પ્રજાઓ આગળ એ ધર્મો પ્રગટ કરવામાં આવ્યા હતા તેમને માટે એ આવશ્યક હતા. વળી, હું એમ પણ માનું છું કે જો આપણે બધા તે તે ધર્મના અનુયાયીની દૃષ્ટિએ જુદાજુદા ધર્મના ગ્રંથો વાંચીએ તો આપણને માલૂમ પડે કે બધા ધર્મો મૂળમાં એક જ છે અને એકબીજાને મદદરૂપ છે.

કેવળ વેદો જ ઈશ્વરપ્રણીત છે, એવું હું માનતો નથી. હું માનું છું કે બાઈબલ, કુરાન અને ઝંદ અવેસ્તા પણ વેદોના જેટલાં જ ઈશ્વરપ્રેરિત છે. હું હિંદુશાસ્ત્રો ને માનું



છું એનો અર્થ એવો નથી કે મારે એકેએક શબ્દ અને એકેએક શ્લોકને ઈશ્વરપ્રેરિત માનવો જોઈએ.......જો કોઈ અર્થઘટનનો મારી બુદ્ધિ કે મારી નીતિ ભાવના સાથે મેળ ન ખાતો હોય તો તે ગમે એટલું વિદ્વત્તા ભર્યું હોય તોય હું તેથી બંધાવાનો ઈન્કાર કરું છું.

મારે મન ઈશ્વર એટલે સત્ય અને પ્રેમ; ઈશ્વર એટલે નીતિ અને સદાચાર. ઈશ્વર એટલે અભય. ઈશ્વર પ્રકાશ અને જીવનનું મૂળ છે, છતા તે બધાથી ઉપર અને પર છે.

આ ચેતન વિશ્વમાં કોઈ નિયમની આણ વર્તે છે, એમાં તો શંકા જ નથી. તમે નિયામક વગરના નિયમની કલ્પના કરી શકતા હો તો હું કહીશ કે નિયમ પોતે જ નિયામક છે. એટલે કે ઈશ્વર છે. આપણે નિયમની ઉપાસના કરીએ છીએ ત્યારે નિયમને જાણવાને અને એને માથે ચડાવવાને તલસીએ છીએ એટલો જ એનો અર્થ છે, આપણે જે ઝંખીએ છીએ તે જ બની જઈએ છીએ.

એવી એક અનિર્વચનીય રહસ્યમય શક્તિ છે જે સર્વત્ર વ્યાપેલી છે. હું એને જોઈ શકતો નથી જો કે એનો અનુભવ મને થાય છે. આ અદૃશ્ય શક્તિનો અનુભવ થાય છે, પણ તેને સાબિત કરી શકાતી નથી. કારણ, મારી ઈન્દ્રિયો દ્વારા જે બધી વસ્તુઓને હું જાણું છું તે બધા કરતાં તે તદ્દન જુદી જાતની છે. એ ઇન્દ્રિયાતીત છે. પણ અમુક મર્યાદિત અંશે ઈશ્વરનું અસ્તિત્વ તર્કથી દર્શાવી શકાય એમ છે.

મને ઝાંખુ ઝાંખુ એમ લાગ્યા જ કરે છે કે મારી આસપાસની બધી વસ્તુઓ સદા પરિવર્તનશીલ અને મર્ત્ય છે.

તેમ છતાં એ પરિવર્તનના મૂળમાં એક જીવંત શક્તિ રહેલી છે જે પોતે નિર્વિકાર છે, બધાનું ધારણ કરે છે, સર્જન કરે છે, પ્રલય કરે છે અને ફરી સર્જન કરે છે. એ સર્વાન્તર્યામી શક્તિ એ જ ઈશ્વર અને હું મારી ઈન્દ્રિયો મારફતે જે કંઈ જોઉં છું તે બધું શાશ્વત ટકી રહી શકે એમ નથી કે ટકી રહેવાનું નથી, એટલે એકમાત્ર ઈશ્વર જ છે.

અને આ શક્તિ કલ્યાણકર છે કે અકલ્યાણકર? હું તો એને કેવળ કલ્યાણકરરૂપે જ જોઉં છું કારણ હું જોઈ શકું છું કે મૃત્યુની વચ્ચે જીવન ટકી રહે છે, અસત્ય વચ્ચે સત્યનો જ જય થાય છે, અંધકાર વચ્ચે પ્રકાશ વિજયી નીવડે છે. એટલે હું એવો સાર કાઢું છું કે ઈશ્વર જ જીવન છે, સત્ય છે, પ્રકાશ છે, એ જ પ્રેમ છે. એ જ પરમ કલ્યાણ છે.



# માતૃભક્ત મહાત્મા યોગેશ્વરજી

—સર્વેશ્વરી

પૂ. શ્રી યોગેશ્વરજી વિવિધરંગી વ્યક્તિત્વવાળા વિલક્ષણ સંતપુરુષ છે. હીરાને અનેક પાસા હોય છે એવા જ ભારતના આ અણમોલ હીરાને પણ વિવિધ પાસાઓ છે. જ્ઞાની યોગેશ્વરજી, ભક્ત યોગેશ્વરજી, કરુણામૂર્તિ યોગેશ્વરજી, યોગી યોગેશ્વરજી એ રીતે માતૃભક્ત યોગેશ્વરજીનું પણ એક વંદનીય વ્યક્તિત્વ છે.

પૂ. શ્રી યોગેશ્વરજીના વિવિધ વ્યક્તિત્વનું સંપૂર્ણ દર્શન કોઈ સદ્ભાગી સાધકને જ સાંપડે. પ્રભુની પરમકૃપાથી એ સદ્ભાગ્ય મને કંઈક અંશે સાંપડ્યું છે એમ હું જરૂર કહી શકું.

"માતૃદેવો ભવ" કેટલો સુંદર આદર્શ છે! જ્ઞાની, ભક્તો, સંતો સૌ કોઈ એ આદર્શને ઉપદેશે છે. ઉપદેશને આચરણ અલગ નથી, એક જ વસ્તુના તે બે પાસા છે. પણ ઉપદેશ આપવો સહેલો છે, આચરણ કરવું ખૂબ કઠિન છે. કોઈક જ બડભાગી જીવનમાં જોઈ શકાય.

"માતૃદેવો ભવ" માતાને દેવ બરાબર માનો. આ આદર્શનું જીવંત પ્રેરક દૃષ્ટાંત પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે.

પૂ. શ્રી યોગેશ્વરજીના 'પ્રકાશના પંથે' ગ્રંથનું વાચન કરીએ તો થોડું ઘણું સમજાય એવો એ આદર્શ જોઈ શકાય.

વ્યાસપીઠ ઉપર પૂ. શ્રી યોગેશ્વરજી પોતાની માતા સાથે વરસોથી બિરાજે એ આપણે સૌ અનુભવતા. પણ એમણે પોતાના જીવનમાં એ આદર્શને કઈ રીતે વણી લીધો છે, તેનું દર્શન તો અલૌકિક છે.

મને યાદ આવે છે. પૂ. શ્રી યોગેશ્વરજી સાથેનો દક્ષિણ-ભારતની યાત્રાનો પ્રસંગ. પૂ. યોગેશ્વરજી સાથે પૂ. માતાજી તો હોય જ. એ યાત્રામાં હજારો માઈલોની લાંબી મુસાફરી શરૂ થઈ. થોડા દિવસોમાં બધા સ્થળોનું દર્શન એ હેતુ હતો. એવી લાંબી મુસાફરીમાં પણ માતાજી થોડો પણ થાક અનુભવે તો જ્યાં પણ પહેલું વિશ્રામ સ્થાન આવે ત્યાં પૂ. શ્રી ગાડી અટકાવી દે. સૌ યાત્રિકોને આગળ જવા દે પોતે માતાજી સાથે આરામ કરી લે. અને દરરોજ સવારે દશ-વાગ્યે જે પણ શહેર કે ગામ આવે ત્યાં સૌ પ્રથમ તપાસ ડોકટરોની શરૂ થાય. માતાજી ડાયાબીટીસના ૧૯૬૧ થી દર્દી છે, જેથી દરરોજ ઇન્સ્યુલીન અને તે પણ સમયસર આપવું જ. એની સાથે સાડાઅગિયાર કે બાર જ્યાં પણ વાગે ત્યાં માતાજીના ભોજનની વ્યવસ્થાને પ્રથમ પસંદગી પૂ. શ્રી આપી દેતા. પર્વતીય સ્થાનોમાં માતાજી ચઢી ન શકે તો પોતે પણ માતાજીની સાથે રોકાઈ જાય, થાક અનુભવતા માતાજીને રાત્રે તેલનું માલિશ કરવું કે માતાજીને રાતે લઘુશંકા માટે પણ લઈ જવાં કે માતાજીને ઊંઘ ન આવે તો આખી રાત તેમની પાસે સત્સંગની વાતો કરતાં કે માથે હાથ ફેરવતાં બેસી રહેવું, એ તો પૂ. શ્રીનો નિત્યક્રમ હતો.

વિદેશની ધરતી ઉપર પણ બ્રાહ્મણોના હાથનું જ ભોજન-નો માતાજીનો નિયમ પૂ. શ્રી સંપૂર્ણરીતે સહકાર આપીને પળાવતા વિદેશની યાત્રા પ્રસંગે વિવિધ જાતની સગવડોની



માતાજીને સમજ આપવી કે વિમાનમાં પણ બધીજ સગવડો નો ઉપયોગ પૂ. શ્રી સાથે રહી ને માતાજીને કરાવે એ બધી નાની નાની સેવા તો એમના શ્રી મુખે ઘણી ઘણી વાર સાંભળવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે.

આજ વરસે માતાજીના સાંન્નિધ્યે રહેવાનું સદ્‌ભાગ્ય વડોદરાની ધરતી પર મળ્યું ત્યારે માતાજી સાથેનો પૂ.શ્રી નો આદર્શ વ્યવહાર જોવા મળ્યો.

માતાજી લકવાની બિમારીમાંથી થોડાં સ્વસ્થ થયાં હતાં. પોતે એકલાં લાકડીના ટેકે ચાલી શકતાં. છતાં એક હાથ થોડો નબળો હતો માતાજી કોઈની પણ નાનકડી સેવા પણ લેવા ઇચ્છતા ન હતાં છતાં પૂ. શ્રી નિયમિત રીતે માતાજીની વિવિધ પ્રકારે સેવા કરતા.

દરરોજ સવારે માતાજીને સ્નાન માટે ડોલ ભરી આપવી, સ્નાન ચાલુ હોય ત્યાં સુધી બહાર ટુવાલ લઈને ઊભા રહેવું, સ્નાન બાદ શરીર લૂછી આપવું, કપડાં પહેરાવવાં, કોફી બનાવી આપવી, દવા આપવી, ભોજન જાતે પીરસી આપી પ્રથમ માતાજીને ભોજન માટે બેસાડી દેવાં વગેરે બાબતોમાં માતૃ-ભક્ત મહાત્મા યોગેશ્વરજી અતિ જાગ્રત રહી, પ્રેમપૂર્વક ઉત્તમ રીતે સેવા કરતા હતા એ જોવા મળ્યું. વાંચ્યું કે સાંભળ્યું એના કરતા પ્રત્યક્ષ જોયું એ અદ્‌ભુત હતું.

એ જ રીતે ફરી એક વાર ભાવનગરની ધરતી ઉપર માતૃ-ભક્ત મહાત્માનું અતિ ઉત્તમ, ઉજ્જવળ ને પ્રેરક દર્શન થયું.

તા. ૧૯ની રાતે માતાજીની તબિયત અસ્વસ્થ હતી છતાં પૂ. શ્રીએ માતાજીને ભાવનગરની લાંબી મુસાફરી માટે

તૈયાર કર્યાં. લગભગ એકાદ કલાકની વાતો બાદ પૂ. શ્રીએ માતાજીને એક જ વાક્ય તેમના ખભા ઉપર પોતાનો હાથ મૂકી કહ્યું. આટલી વાર મારું માની જાઓ તમારે માટે સારું છે. અને એ વાક્યની જાદૂઈ અસર થઈ, માતાજી આવવા તૈયાર થયાં. અસ્વસ્થ તબિયત છતાં મહાત્માજી છે એટલે વાંધો નહીં એ વિશ્વાસથી માતાજી ગાડીમાં બેઠાં. માતાજીને બેસવા માટે અનુકૂળતા રહે એથી પૂ. શ્રી એક નાના બાળક નાનકડી જગ્યા રોકીને ટેકા વિના બેસે એ રીતે બેઠા ને માતાજીને લગભગ આરામખુરસીમાં આરામ કરતાં હોય એ રીતની સગવડ આખાયે રસ્તે આપી.

માર્ગમાં ધંધુકા આવતાં થોડા આરામ માટે માતાજીને ઉતારીને પોતે જ એમને લઘુશંકા માટે લઈ ગયા ને થોડો નાસ્તો કરાવ્યો. પાણી આપી આરામ કરાવી ભાવનગર આવી ગયા.

તા. ૨૧ થી માતાજીને તાવ શરૂ થયો. અમદાવાદમાં લીધેલા શક્તિનાં ઈન્જેક્શન ઉપર પાક શરૂ થયો. શહેરના સર્વશ્રેષ્ઠ ડોકટરોની સારવાર શરૂ થઈ. ઓપરેશન ન કરાવવું પડે તે અંગે ડોકટરો, વૈદ્યો, હોમિયોપથીના ડોકટર સર્વ કોઈએ પ્રયત્નો શરૂ કરી દીધા. દરેક ડોકટરોની વિઝીટ અમારા ભાવનગરના ઉતારા ઉપર શરૂ થઈ.

બીજી બાજુ માંદગી વધતી ગઈ તેમ તેમ માતાજીને ભોજન પ્રત્યે અણગમો થયો. કદાચ દાંતના ચોકઠાને લીધે હોય એમ માની પૂ. શ્રીએ નવા દાંત કરાવી આપ્યા. એમની દરેક નાનીમોટી ઈચ્છાની પૂર્તિ તરત જ કરવાની પૂ. શ્રીની ટેવ હતી. એથી માતાજીને સર્વ પ્રકારે સંતોષ થાય. જે



કાંઈ જરૂરીયાત હોય તે તરત જ પૂ. શ્રી પૂરી કરતા.

માતાજીની માંદગી વધતાં પૂ. શ્રી સતત રાતદિવસ આરામ કર્યા વિના સર્વ પ્રકારે માતાજીને શાંતિ થાય એવા પ્રયત્નો કરવા લાગ્યા. ભોજનની અરુચિને લીધે પૂ. શ્રી. આખો દિવસ કોઈ વાર દૂધ, કોઈ વાર લીંબૂનું પાણી, મોસંબીનો રસ, નાળિયેરનું પાણી, મધનું પાણી જુદી જુદી વસ્તુઓ તૈયાર કરીં કરીને માતાજીને ખૂબ ખૂબ આગ્રહ કરી ને લેવા માટે સમજાવતા. એક એક વસ્તુને લેવા માટે પૂ. શ્રી. ઓછામાં ઓછો માતાજી પાસે અર્ધો કલાક દરેક વખતે ઊભા રહીને આગ્રહ કરતા. સામાન્ય સંસારીઓ દર્દીઓને સમજાવવામાં કંટાળે, જ્યારે પૂ. શ્રી હાર્ટએટેકમાંથી ઉઠેલા હોવા છતાં ખૂબ પ્રસન્નતાથી, ખૂબ પ્રેમથી, સ્વસ્થતાથી માતાજીની સેવા કરતા.

માતાજીને હોસ્પીટલમાં દાખલ કર્યા ત્યારે પણ પૂ. શ્રી ની સતત સેવા ચાલુ જ રહી. ઘણી ઘણી વાર ભોજન કરતાં કરતાં ઊઠી જવાનું બનતું. ઘણી રાતો ઊંઘ વિના જ પસાર થતી. દિવસમાં માંડ ૧૦, ૧૫ મીનીટનો આરામ મળી શકતો. તા. ૨૦ ઓગસ્ટથી પૂ. શ્રી નો સતત સેવાયજ્ઞ શરૂ થયો જેમાં પૂ. શ્રી હંમેશા સ્વસ્થ, પ્રસન્ન ને ઉત્સાહભર્યા જ લાગતા. એના અનુસંધાનનાં પૂ. શ્રી ઘણી વાર મને કહેતા કે હાર્ટ એટેક પછી મારે પૂરેપૂરા આરામની આવશ્યકતા હોય એવું હજુ પણ લાગે છે. એ આરામ માટેનો સમય રહેતો નથી તોપણ મારા શરીર ઉપર કોઈ પ્રકારની વિપરીત અસર નથી થતી એ પ્રભુની કૃપા જ ગણાય. માતાજીની સેવાનો સંતોષ એટલો બધો અસાધારણ છે કે તેને લીધે નિત્ય નવી શકિત, સ્ફૂર્તિ, તાજગી અને સ્વસ્થતા મળતી રહે છે. આરામ તો સદાને માટે કરવાનો છે, પરંતુ સેવાનો આવો સોનેરી

સમય ફરી કયારે સાંપડશે.

માતાની સેવા સામાન્ય રીતે સંસારી પુત્રો પણ કરતા હોય છે પણ પૂ. શ્રી યોગેશ્વરજીની માતૃસેવાની વિશેષતાનું દર્શન મને એમના સમાગમમાં રહેવાથી થઈ શક્યું. એ માતાજીની શારિરીક સેવા તો કરતા જ પણ માતાજીના આત્માની આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ પોતાની રીતે પ્રયત્ન કરતા. હિમાલયના નિવાસ દરમ્યાન પણ એમણે આરંભના વર્ષોમાં ગીતા તથા ઉપનિષદ્‌ના શ્લોકો નોટમાં અર્થ સાથે લખીને સમજાવીને શીખવેલા. રામાયણ પણ વારંવાર વાંચી સંભળાવતા. જીવનના અંતકાળે માતાજીનું મન તદ્દન નિર્મળ થાય, વાસના રહિત બની જાય, અને પ્રભુ પરાયણ બનીને શાંતિ મેળવે, એ અવસ્થામાં જ શરીર છોડે એવી પૂ.શ્રીની મહેચ્છા હતી. એ મહેચ્છાને પૂરી કરવા એમણે માતાજીની માંદગી દરમ્યાન માતાજીના શરીર ઉપર હાથ ફેરવતાં ફેરવતાં પ્રાર્થના કરતા ને જુદી જુદી જાતના સત્સંગનો લાભ અર્ધી રાત્રે પણ આપતા. એની ધારેલી ચમત્કારિક અસર થવાથી માતાજીનું મન છેલ્લા દોઢ મહિનામાં વધારે ને વધારે શાંત, નિર્મળ તથા પ્રભુ પરાયણ બનતું ગયું. દોઢ મહિના દરમ્યાન ડોકટરો, મુલાકાતીઓ તથા સગાસ્નેહીઓની સાથેની માતાજીની વાતચીતમાં પણ પ્રભુ પરાયણતાનો જ રણકાર ઉઠતો. એ જોઈને પૂ. શ્રીને અવર્ણનીય આનંદ થતો. માતાજીના શરીરના શાંત થયા પછી પણ પૂ. શ્રી સ્વયં સ્મશાનયાત્રામાં સામેલ થયા અને દુન્યવી રીતે જે પણ મરણોત્તર ક્રિયાઓ કરવાની હતી તે કરવાની ખાસ વ્યવસ્થા કરી. ધન્ય છે એમની પ્રેરક, વંદનીય માતૃભક્તિને !

# ધાર્યું ધણીનું થાય

શ્રી યોગેશ્વરજી

[ નોંધઃ—વડોદરાના એક ભાઈએ નીચેની પંક્તિઓમાંથી જીવનમાં પ્રેરણા ને સમાધાન મેળવ્યું છે. તે માટે તેઓએ પત્ર લખ્યો છે. એ પંક્તિઓ વાંચતાં બીજાઓને પણ પ્રેરણા મળે તેમ લાગવાથી અહીં રજૂ કરી છે. અહંમાં રાચતા ને પોતાની શક્તિથી સર્વ કાંઈ કરવાનો ફાંકો રાખતા જો થોડું પણ વિચારે તો પંક્તિઓમાં આલેખાયેલા સત્યની જીવનમાં અનુભૂતિ કરી શકશે.—તંત્રી ]

આખરે વિધાતાએ જે ધાર્યું હોય તે જીવનમાં થાય છે, તે હકીકત છે.

માણસ ગમે તેટલો ઊંચો નીચો થાય અને પોતાનું ધાર્યું કરવાની કોશીષ કરે તોપણ એની ધારણા તેમ જ મહેનત, ઈશ્વરની ઇચ્છા વગર, ભાગ્યે જ ફળે છે. જેની ઇચ્છા કે ઝંખના કરી હોય, એ વસ્તુ કે ઘટના જીવનમાં નથી મળતી કે નથી બનતી, અને એથી ઊલટું જેની ઝંખના તો શું, પરંતુ કલ્પનાયે ના હોય એવી ઘટના આપોઆપ અને આકસ્મિક રીતે બની જાય છે તથા એવી વસ્તુ આવી મળે છે. એની પાછળ કર્મનો કોઈક વ્યવસ્થિત કે ચોક્કસ નિયમ કામ કરતો હશે, અને એને પરિણામે જ જીવનની ગતિવિધિ નક્કી થયા કરતી હશે. પરંતુ માણસને એ નિયમની ખબર નથી પડતી, એટલે એણે તો કોઈકવાર કેટલુંક અનુમાન કરી ચાલવું પડે છે અથવા તો કોઈક વાર કાર્ય કારણભાવને સમજ્યા વિના, જે આવી પડે છે તે પ્રસંગો કે પરિસ્થિતિને અનુકૂળ થવું રહે છે.

અનુભવથી એને લાગે છે કે કોઈ સૃષ્ટિનિયામક મહાન શક્તિ એને પોતાની યોજના પ્રમાણે ચલાવી રહી છે, અને પોતે એના હાથમાં હથિયારરૂપ બનીને પ્રવૃત્તિ કરે છે અથવા કહો કે કઠપૂતળી છે.

એના અનુભવથી એનો અહંકાર ઓગળી જાય છે, અને ચિંતા તથા વિષાદ શમી જાય છે. એ સૃષ્ટિ નિયામક મહાન શક્તિની મંગલમયતામાં જો વિશ્વાસ થઈ જાય તો એ નિર્ભય બની જાય છે ને સ્થિર થઈ જાય છે. ('સમર્પણ'માંથી)

# સાગર ચિન્મય છેઃ અને સાગરો ચરણ સ્પર્શ કરે છે.

ભાઈલાલભાઈ છાટબાર

[ સંત પુરુષોના જીવનમાં બનતા કેટલાક પ્રસંગો સમાન હોય છે એવું જોવામાં આવ્યું છે. અહીં જે બે પ્રસંગો આલેખવામાં આવ્યા છે. તેમાંનો એક શ્રી સહજાનંદ સ્વામીનો છે. જ્યારે બીજો મહાત્મા શ્રી. યોગેશ્વરજીનો છે: બન્નેની સરખામણી કરવાનો કે સમાનતા બતાવવાનો આમાં કોઈ ભાવ નથી, તેની વાંચકો નોંધ લે.—તંત્રી ]

## સાગર ચિન્મય છે

સને ૧૮૭૨ની સાલમાં શ્રી સહજાનંદ સ્વામી ફરતાં ફરતા માંગરોળ પધાર્યા ને અહીંના શ્રી મૂળચંદભાઈના મહેમાન બન્યા.

આ વખતે મહારાજશ્રી સાથે કાઠી દરબારો ને કેટલાક ભક્તો પણ હતા.

ભોજન પછી દરબારોએ શ્રીજી મહારાજને વિનંતિ કરી કે અમારે દરિયો જોવો છે.

ભક્તોની ઇચ્છા જાણી, મહારાજશ્રી માણકી ઘોડી ઉપર સવાર થઈને સમુદ્ર ભણી ચાલ્યા. કાઠી દરબારો–દાદો ખાચર, સુરો ખાચર, લૈયો ખાચર, પંચાળાવાળા શ્રી ઝીણાભાઈ, બંધિયાના દરબાર મૂળજી તથા બીજા ઘણા ભક્તો ઘોડાઓ



ઉપર બેસી શ્રીજી મહારાજની પાછળ ચાલ્યા.

આખરે માંગરોળ બંદરે–જ્યાં વહાણો લાંગરે છે, ત્યાં આવી સહુ દરિયા સામે જોઈ ઊભા રહ્યા. સમુદ્રમાં તે વખતે ભારે ભરતી હતી. દૂર દૂર દરિયામાં વહાણો દેખાતાં હતાં. તે જોઈ કાઠી દરબારો બોલ્યા, "મહારાજ, આ દરિયાનું બળ તો બહુજ કહેવાય, નહિ વારુ" !

ત્યાં તો સમુદ્રમાં એક મોટો તરંગ ઊઠ્યો ને ઊછળીને જાણે કે શ્રી સહજાનંદ સ્વામીના ચરણોનો સ્પર્શ કરવા માંગતો હોય તેમ, તેમના બન્ને પગોમાંથી મોજડીઓ કાઢી ગયો !

તે પછી તુરત જ સમુદ્રનો બીજો એવો મોટો તરંગ ઊછળીને આવે તે પહેલાં તો મહારાજે માણકીને સમુદ્ર ભણી થોડે આગે દોડાવી કે તુરત જ સમુદ્રનું પાણી એટલે જ થંભી ગયું ! બધા આ ચમત્કાર જોઈ આશ્ચર્ય પામ્યા.

કાંઠે ઊભેલા માછીમારો પણ દિગ્મૂઢ બની જોઈ રહ્યા. એમણે એમના જીવનમાં કદી સમુદ્રને આટલો પાસે આવેલો ને પછી તુરત જ આમ હટી ગયેલો જોયો ન હતો.

રસ્તે ચાલતાં કાઠીઓને શ્રીજી મહારાજે કહ્યું, "જોયું-ને, સમુદ્રનું બળ ?" ત્યારે કાઠી દરબારોએ સામુ પૂછ્યું "હે મહારાજ ! આ શું ચરિત્ર થયું તે તો કહો."

શ્રીજી મહારાજે કહ્યું, "એ સમુદ્ર મોટા તરંગરૂપે અમારા દર્શન ને ચરણ સ્પર્શ કરવા આવ્યો હતો. ચરણ-સ્પર્શ સાથે અમારી મોજડીઓ લઈ ગયો, ને જો તે વખતે

અમે માણકીને પાણી સામે ન લઈ ગયા હોત, તો એ મોટો તરંગ તમો બધાંને ઘોડાં સહિત તાણી જાત. અમે ઘોડીને પાણીમાં લઈ જઈને એ તરંગને પાછો વાળ્યો.

સાંભળીને કાઠી દરબારો આશ્ચર્ય પામ્યા! સમુદ્ર પણ શું ચિન્મય હશે? ને મહાપુરુષોનો ચરણસ્પર્શ ઇચ્છતો હશે, આપણને એ પ્રશ્ન જરૂર થાય. પરંતુ કેટલીક ભૌતિક ઘટનાઓ એની સાક્ષી પૂરે છે.

('હરિ ચરિત્ર ચિંતામણિ' ના આધારે.)

## સાગરો ચરણસ્પર્શ કરે છે.

ત્રણેય સાગરોના સંગમસ્થાન કન્યાકુમારીમાં તા.-૩૦-૧-૭૮ની સવારે પવિત્ર સ્નાન કરી, અહીં ભારતની જમીનના અંતિમ બિન્દુ પર સ્થપાયેલ કન્યાકુમારી મંદિર અને ગાંધી-સ્મૃતિ નિકેતનમાં જઈને દર્શન કરેલાં; તેમ જ સામે હિન્દી-મહાસાગરમાં સ્થિત વિવેકાનંદ રોક ઉપર સ્ટીમલોંચમાં જઈને વિવેકાનંદ સ્મારકની પુણ્યભૂમિની મુલાકાત લઈ દર્શન કરી આવેલ.

કન્યાકુમારીના સાગરસંગમ પરના રામકૃષ્ણ મિશન સંચાલિત અતિભવ્ય "વિવેકાનંદ લૉજ"ના અમારા ઉતારા ઉપરથી વહેલી સવારે જઈને અમે સેંકડો યાત્રીઓ સાથે સામે કિનારે બેસીને સૂર્યોદયના દર્શનનો લાભ લીધેલ.

સાંજે વળી બીજી દિશામાં કન્યાકુમારીના સાગરસંગમ પર નજીકમાં સનસેટ પોઈન્ટ ઉપર જતાં જતાં અમે રસ્તે સમુદ્રમાં ચરણામૃત લેવા રોકાયાં ત્યારે એક અદ્ભુત પ્રસંગ



બની ગયો.

પૂ. શ્રી યોગેશ્વરજી, પૂ. માતાજી, ચાર બહેનો અને નવ ભાઈઓ અમે દક્ષિણ ભારતની આ યાત્રામાં સામેલ હતાં.

પૂ. માતાજીમાં શિશુસહજ નિર્દોષતાનો ભાવ અને તીર્થસ્થાનો પ્રત્યે અતિ ઊંડો પૂજ્યભાવ. તેમાંયે કન્યાકુમારી પાસે ત્રણ સાગરોનું મિલનબિન્દુ એટલે તે સ્થળના પાવિત્ર્યનું અત્યાધિક મહત્ત્વ.

પૂ. માતાજીએ ચરણામૃત લેવા ઇચ્છા કરી એટલે અમે સૌ કિનારે સરળ ઉતરાણ શોધી સમુદ્ર તરફ આગળ વધ્યાં. ઓટનો સમય હતો એટલે પાણી આઘાં હતાં.

પૂ. શ્રી અને બીજાં કેટલાંક નજીકમાં ઊભા રહી ગયાં કે જેથી પૂ. માતાજીને ચરણામૃત લેવરાવી અમે ચાર પાંચ જણ તરત જ પાછાં આવી જઈએ.

પાણી સુધી પહોંચી અમે ચરણામૃત તો લીધું પણ ત્યાં તો જોતજોતામાં દરિયાનું એક પ્રચંડ મોજું આવ્યું અને અમને ઝબોળતું કિનારે આગળ ફેલાણું.

પૂ. માતાજી સંતુલન ગુમાવતાં ગુમાવતાં રહી ગયાં. અમે સાથે જનારાઓએ તેઓને બંને બાજુથી જાળવી લીધાં અને તરત જ બનતી ઝડપે પાછાં ફરવા કોશિશ કરી. ત્યાં તો એક બીજું મોજું ધસમસતું આવ્યું અને જાણે ચડતી ભરતી છે કે શું એવો આભાસ સરજી ગયું. ફરી અમે સૌ થોડાં ભીંજાયાં પણ પૂ. માતાજીને જાળવી લેવા અમે સચેત અને સાવધાન હતાં.

અમે પૂ. શ્રી પાસે પહોંચીએ પહોંચીએ એટલામાં તો ત્રીજું મોજું લોઢ ઉછાળતું પછડાટ સહિત આવી પહોંચ્યું અને પૂ. શ્રીના પાદ પ્રક્ષાલનનું પુણ્ય કમાઈ ધન્ય બની રહ્યું. મને ભાવનગરના એક કવિ શ્રી નાઝીર દેખૈયાની પંક્તિ યાદ આવી ગઈ:

"પડયાં ઉછળીને મોજાં પાંવમાં, એના ચરણસ્પર્શે,
શું સાગરનેય ભવસાગર તરી જવાની ઇચ્છા થઈ ?"

જાણે ઉત્કંઠાપૂર્વક ઉછાળો મારીને–પગમાં પડીને–ચરણ-સ્પર્શ પામીને–સાગરને પણ ભવસાગર તરી જવાની ઇચ્છા થઈ હોય તેમ સાગરે પૂ. શ્રીની ચરણવંદના કરી.

આ પછી તો પાણી સંકેલાઈને દૂર-સુદૂર હતાં ત્યાં ચાલી ગયાં.

આ ઘટના સંબંધે પાછળથી વાતચીત કરતાં પૂ. શ્રી. યોગેશ્વરજીએ કહ્યું, કે જ્યારે અમારી સાથેનાં કેટલાંક ભાઈ-બહેનો સમુદ્રના જળમાં આચમન ને પગપ્રક્ષાલન કરવા જતા હતા ત્યારે મને પણ વિચાર આવ્યો કે હું પણ પૂ. માતાજી સાથે જાઉં ? પરંતુ ત્યાં તો મારી ટેવ મુજબ મા જગદંબાને મેં પૂછ્યું–"હું ય સાગરના પ્રવાહ ભણી જાઉં ?"

"તુરત જ માએ જણાવ્યું. તમારે જવાની શી જરૂર છે ? છેક હિમાલયથી તમે અહીં સુધી આવ્યા છો તો તમારા પાદપ્રક્ષાલન માટે સાગરથી આટલાં ડગલાં નહિ અવાય શું ?"

"માની આ વાત સાંભળી મને ઘડીભર આશ્ચર્ય તો થયું. મનમાં થયું પણ ખરું કે સો ડગલાં દૂર ગયેલો સાગર



થોડો અહીં સુધી આવવાનો હતો !

પરંતુ ત્યાં તો ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ પ્રચંડ મોજાં સમુદ્રમાં એકાએક ઊઠ્યાં ને મારા પાદપ્રક્ષાલન પછી પાણી સંકેલાઈને પાછાં વળી ગયાં.

આ પ્રસંગથી મને પ્રતીતિ થઈ ગઈ કે સાગર પણ ચિન્મય છે ખરો."

## સૌથી દુર્લભ વસ્તુ મુક્તિ

સર્વ પ્રકારની યોનિઓમાં મનુષ્યજન્મની કીમત સૌથી વધારે છે. એ ખરેખર દુર્લભ છે. એમાં પણ પુરુષત્વ દુર્લભ છે; પુરુષત્વમાં પણ બ્રાહ્મણપણું દુર્લભ; એથી ધર્મપરાયણ થવું દુર્લભ; વિદ્વત્તા એથી પણ દુર્લભ; એમાં વળી આત્મા અને અનાત્માનો વિવેક દુર્લભ; આત્માનો પ્રત્યક્ષ અનુભવ દુર્લભ; પરમાત્મામાં પ્રતિષ્ઠિત થવું દુર્લભ; અને મુક્તિ તો સૌથી દુર્લભ છે. કરોડો જન્મોના સત્કર્મો કે પુણ્યોના ઉદય-વિના એ નથી મળી શકતી.

**શ્રી આદ્ય શંકરાચાર્ય**

# જ્ઞાન અને અજ્ઞાન

કેપ્ટન ડૉ. શાન્તિલાલ નરસિંહભાઈ અમીન

દુનિયામાં સર્વત્ર જ્ઞાન ( Gnosis) કરતાં અજ્ઞાન ( Agnosis ) વિશેષ પ્રમાણમાં જણાય છે, જેનું કારણ જનતાની ધર્મભાવનાનો છેલ્લાં ત્રીસ વર્ષમાં અભાવ પ્રવર્તે છે. ધર્મનિરપેક્ષતા ( Secularism ) માનનાર દેશ હંમેશાં સેતાનને ઉત્તેજન આપે છે. બસો વર્ષ પહેલાં, શ્રી. કૃષ્ણ-ભગવાનના ગીતાજ્ઞાનના પ્રવર્તક શ્રી. સહજાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદજીએ ધર્મજ્ઞાન આપીને પથ્થર હૃદયવાળા પછાત મનુષ્યોને પણ કોમળ હૃદયી ઉચ્ચકોટિના મુમુક્ષુ બનાવ્યા હતા. તેનાં બેએક દૃષ્ટાંત અત્રે રજૂ કરું છું.

શ્રી સહજાનંદ સ્વામીને ચૂડાના ભીમા બ્રાહ્મણ તરફથી ( એણે એક ગરાસિયા પાસેથી લેણા પેટે માગીને લીધેલી ) એક અમૂલ્ય ઘોડી 'માણકી' ભેટ આપવામાં આવી હતી. તે સમયમાં ચોરી, લૂંટફાટ વગેરે સૌરાષ્ટ્રમાં તેમ જ સમસ્ત ગુજરાતમાં ઠેરઠેર કોળી-કાઠી લોકો કરતા હતા. કેટલાક દરબારો પણ બહારવટું કરવામાં શૌર્ય સમજતા. તેવા એક કાઠીની નજરમાં માણકી ઘોડી વસી ગઈ. તેમણે તે ઘોડી યેનકેન પ્રકારે પ્રાપ્ત કરવા નિશ્ચય કર્યો. શ્રી. યજ્ઞપુરુષાનંદ શાસ્ત્રીમહારાજના ગુરુ શ્રી. ગુણાતીતાનંદને એક દિવસ સ્વામીનારાયણ ભગવાને કહ્યું, " સ્વામીજી આપ ૨૩ કોસનો લાંબો રસ્તો, વૈશાખ માસની ગરમીમાં, પગપાળા કરવા આજે તૈયાર થયા છો તેના કરતાં માણકી ઘોડી પર સવાર થઈને જાઓ તેવી મારી આજ્ઞા છે." ગુરુઆજ્ઞા હંમેશા



અમલમાં મૂકનાર સ્વામીજી તે ઘોડી લઈને બહારગામ જવા ગઢડાગામથી નીકળ્યા. ઉપરોક્ત લુટારુને તેના વાવડ ( ખબર ) મળતાં જ એક સાથી સાથે લઈને ગુણાતીતાનંદ સ્વામીના રસ્તામાં એક ઝાડ નીચે તે સૂઈ ગયો. જેવા સ્વામીજી ઘોડી સાથે ત્યાં આવતા જણાયા કે તરત જ આ માણસ જ્વરપીડિત મનુષ્યની માફક કાંસવા લાગ્યો. દયામૂર્તિ સ્વામીજી ઘોડી પરથી નીચે ઉતર્યા અને તેના સ્વાસ્થ્ય વિષે પૂછવા લાગ્યા. કાઠીના સાગરીત વીરા ખાચરે કહ્યું:

" સ્વામીજી મહારાજ, અમારા ભાઈને ટાઢીઓ તાવ ચઢ્યો છે જેથી ચલાતું નથી અને આંઈ કણે, સૂતા છે. તમે કંઇ દયા કરો તો ઘરે પહોંચાય." સ્વામીજીએ વિનાવિલંબે કાઠીનો હાથ પકડી બેઠો કરીને આસ્તેથી ઘોડી પર બેસાર્યો અને કહ્યું, " તમે તમારે અહીંથી પાંચ કોસ દૂર તમારું ગામ છે ત્યાં વયા જાવ અને પાછળ હું ચાલતો આવું છું તમારા ગામ, ત્યારે ત્યાં મને ઘોડી આપજો." પેલા ગઢીઆ ઘોડી લઈને રવાના થતા પહેલાં બોલ્યાઃ " અલ્યા સાધુ જો અમે સીધી રીતે ઘોડી માગી હોત તો તું અમને ના આપત, પણ હવે અમે અમારી અક્કલ હુશિયારીથી તારી ઘોડી કેવી લીધી ?

સ્વામીજી બોલ્યાઃ " ભાઈઓ, ભલે તમે ઘોડી લઈ જાઓ પણ કોઈને કહેતા નહીં કે આવી રીતે લાવ્યા છીએ." કાઠી બોલ્યો " કેમ સાધુ, તને તારા સ્વામીનારાયણ સાધુની બીક લાગે છે ?" સ્વામીજીએ કહ્યું " ના ભાઈ, તેમની બીક મને પણ નથી અને તમને પણ નથી. મને બીક હોત તો હું ઘોડી તમને આપત ખરો ! તમને બીક હોત તો લેત નહીં." એમ કહી આશીર્વાદ આપી ગુણાતીતાનંદજી ચાલવા

લાગ્યા, પરન્તુ તે બંને કાઠીઓનો તુરત હૃદયપલટો થયો. અને થોડે દૂર જઈ ઊભા રહ્યા. સ્વામીજી ચાલતા નજીક આવ્યા એટલે વીરા ખાચરે પગે લાગીને કહ્યું કે અમે અજ્ઞાની (Agnostic) લોક કંઈ ભાન નહી એટલે તમને દુભવ્યા. લો ઘોડી પાછી, અમારે ના જોઈએ. પછી સ્વામીજીએ તેમને પાંચ વર્તમાન લેવરાવી દીક્ષા આપી. તે લોકોને જે જ્ઞાન પ્રાપ્ત થયું તેનાથી તેઓ સ્વામીનારાયણ સંપ્રદાયના ઉચ્ચ-કક્ષાના સત્સંગી બની ગયા.

સંત સમાગમનો કેવો પ્રભાવ!

*

વડતાલ ગામમાં આજથી બસો વર્ષ પૂર્વે જોબનપગી નામે એક માથાભારે કોળી હતો. તેને હસ્તક કેટલીય ચોરીઓ લૂંટ તથા ખૂન થયાં હતાં. એક દિવસ પૂ. સહજાનંદજી સ્વામી વડતાલ પધાર્યા ત્યારે જોબાનપગી તેમના દર્શનાર્થે ગયો અને રૂપિયા ૧૩ ભેટ મૂક્યા. બસો વર્ષ પહેલાં ૧ રૂપિયાની કિંમત હાલના ૭૦ રૂપિયાથીય વધુ હતી. સહજાનંદ ભગવાને પગીને કહ્યું, "આ રૂપિયા તમારી ખરી મહેનતના નથી, તેથી તે મંદિરના કાર્ય માટે અસ્વીકાર્ય છે. તમે વૈશાખ વદી આઠમને દિવસે લૂંટફાટ કરીને એ લાવ્યા છો. આથી પગીને આશ્ચર્ય થયું. " તેણે આગલા મહીને તેર રૂપિયાની લુંટ કરી તે તિથિ પણ ભગવાનને માલુમ પડી ગઈ! તેણે તુરત પગે લાગીને પ્રતિજ્ઞા લીધી કે હવેથી તે કદી ચોરી, લુંટ, ખૂન વગેરે કંઇ જ અધર્મનું કાર્ય નહિ કરે. સ્વામીજીએ તેને ભાગવતી દીક્ષા આપીને સત્સંગી બનાવ્યો.

ત્યાર બાદ ગામના એક ટીખળી માણસે જોબનપગીને એક દિવસ પૂછ્યું, "અલ્યા જોબન ઠાકોર, તમારા સ્વામીનારાયણ ગધેડાની ગાય બનાવી દે છે તે ખરી વાત છે?"



જોબને જવાબ આપ્યો, "પટેલ, આ તમારી નજર સામે જ ગધેડો ગાય થઈને ઊભો છે. પણ ભગવાને મને એવું ગનાન આપ્યું અને અગનાન લઈ લીધું કે હું ગાય જેવો જ આ સાંભળી રહ્યો છું. જો પહેલાંના જેવો ગધેડો જ રહ્યો હોત તો તમે આવું બોલ્યા કે તરત અક્ષરધામમાં મેં તમને પહોંચાડી દીધા હોત. ચાલો મંદિરમાં આવો છો? શ્રીજીમહારાજ ગનાનની કથા કરવાના છે."

કહેવત છે કે બગડેલો બગાડે અને સુધરેલો સુધારે. તેમ એક વખતનો લુંટારો જોબનપગી જાતે સત્સંગી થયા પછી ઉપરોક્ત પટેલ જેવા બીજા પચાસ કુસંગીઓને સત્સંગી બનાવી શક્યો. એટલુંજ નહીં પણ ધર્મ સેવામાં તેની જિંદગીનો શેષ ભાગ જોબન વડતાલાએ કૃષ્ણાર્પણ કર્યો.

# પ્રકાશના પંથે

( શ્રી યોગેશ્વરજીની આત્મકથા )

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## સંસ્થાની વિદાય અને જી. ટી. બોર્ડીંગ હૉસ્ટેલમાં

મેટ્રિકના વરસ સુધીમાં આધ્યાત્મિક વિકાસ માટે મારું મન ખૂબ જ આકુળવ્યાકુળ થઈ ગયું. ઈશ્વરની કૃપાથી તેને શાંતિનો પણ અનુભવ થવા લાગ્યો. મેટ્રિકમાં પાસ થવાનું કામ તે વખતે ખૂબ જ કઠિન હતું. ભલભલા હોશિયાર વિદ્યાર્થીઓ પણ તેની મુશ્કેલીનો અનુભવ કરતા. એક ખાસ વાત એ હતી કે મેટ્રિકમાં મેં ફિઝિયોલોજી ને હાઈજીનનો વિષય મને ખૂબ ગમતો હોવાથી લીધેલો. આખી સ્કૂલમાં એ વિષય લેનાર હું એક જ હતો એટલે તે વિષયનો અભ્યાસ મેં મારી જાતે જ કરી લીધો.

મેટ્રિકની પરીક્ષા આપવા જતી વખતે મને ગૃહપતિએ શુભેચ્છાનો સંદેશ કહી સંભળાવ્યો. અમારી સંસ્થા ઘણી સારી હતી પણ કોઈ મેટ્રિક પાસ થતું નહીં. કોઈ વિદ્યાર્થી હોશિયાર હોય તો તે મેટ્રિકમાં આવે ત્યાં તેની ઉંમર વીસ વરસની થઈ જતાં તેને સંસ્થાના નિયમ મુજબ સંસ્થા છોડવી પડતી, પરિસ્થિતિ તેવી હોવાથી સંસ્થામાં રહીને લાંબા વખત પછી મેટ્રિકની પરીક્ષામાં પાસ થનાર હું પહેલો જ હતો. મારી સાથે બેઠેલા બીજા બે વિદ્યાર્થી પાસ થઈ શક્યા ન હતા.

મેટ્રિકમાં પાસ થયો ત્યારે મારી ઉંમર સંસ્થાના નિર્ધારિત ધારાધોરણથી ઓછી હતી એટલે સંસ્થાએ મને આગળ



અભ્યાસની તક આપવી કે કેમ તે પ્રશ્ન ઊભો થયો. અંતે તેના ઉત્તરરૂપે ઈશ્વરની ઇચ્છા અનુસાર માર્ગ મળી ગયો. અમારી સંસ્થાના ગૃહપતિએ પોતે મુંબઈની જી. ટી. બોર્ડીંગની હૉસ્ટેલમાં રહીને કૉલેજનો અભ્યાસ કરેલ હતો તેમણે મને ત્યાં સ્થાન મળી જાય તેવા પ્રયત્નો શરૂ કર્યા જેને પરિણામે મને જી. ટી બોર્ડીંગ હૉસ્ટેલમાં જગ્યા મળી ગઈ.

વરસો પછી મારું સ્થળપરિવર્તન થવાનો વખત આવી પહોંચ્યો. સંસ્થાના મકાનને મારાથી ભૂલી શકાય તેમ ન હતું. તે સ્થળમાં મને નવજીવનની પ્રેરણા મળેલી ને મારી કાયાપલટ કરવાની તક સાંપડેલી તેણે મારો ઘાટ ઘડ્યો અને જીવનના આદર્શની ઝાંખી કરાવેલી. માતાની જેમ મારી સંભાળ લીધેલી તેને કેવી રીતે ભૂલી શકાય ?

જીવનમાં પ્રત્યેક માણસ કૃતજ્ઞતાની ભાવના કેળવે અને પોતાને મદદ કરનાર વ્યક્તિ કે વસ્તુને વીસરે નહીં તે ઇચ્છવા જેવું છે. આજે તો મારી દશા જુદી છે. ભૂતકાળની વસ્તુ કે વ્યક્તિ પરથી મારો મોહ મટી ગયો છે. કેમકે ઈશ્વરની જ મમતા માણસને માટે મંગલકારક છે. જીવનનું સાચું શ્રેય તેમાં જ છે.

સંસ્થાને છોડવાનો વખત આવ્યો તે વખતે મારામાં એ ભાવના કે સમજની અસર હજુ કાચી હતી. તેથી સંસ્થાનો ઉપકાર ને તેણે ભજવેલો ભાગ યાદ આવવાથી હૈયું ગળગળું બની ગયું. પરંતુ દિલમાં દુઃખ ન થયું કારણ નવી જગ્યામાં જવું જીવનના હિતમાં હતું. કન્યાને માટે જ્યારે સાસરે જવાનો અવસર આવે છે ત્યારે તેની દશા કેવી થઈ જાય છે ? તે હર્ષને વિષાદની મિશ્રિત લાગણીનો

અનુભવ કરે છે, એ પ્રમાણે મારા મનમાં હર્ષની ને વિષાદની મિશ્રિત લાગણી ઉત્પન્ન થવા લાગી.

એ દશામાં સંસ્થાને મનોહર પ્રણામ કરીને મેં તેમની વિદાય લીધી ને જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલનાં નવા વાતાવરણમાં પ્રવેશ કર્યો.

ગોવાલિયા ટેંક પર આવેલી જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં આવવાનું થયું ત્યારે મારી ઉંમર સત્તર વર્ષની હતી. વિશુદ્ધ જીવન અને માના દર્શન માટેની પ્રાર્થનાનો ક્રમ ત્યાં પણ ચાલુ જ રહ્યો સંસ્થાના જીવનનો મને લાંબો અનુભવ હોવાથી નવા વાતાવરણને અનુકૂળ થતાં વાર લાગી નહીં.

મારે જે કોલેજમાં જવાનું હતું તે વિલ્સન કોલેજ પણ તદ્દન પાસે જ હતી. તેમાં હાજર રહેવાનો સમય પણ પ્રમાણમાં ઓછો હતો એટલે મારા પ્રિય સ્થાન હેંન્ગીંગ ગાર્ડન અને નરીમાન પોઈન્ટના શાંત વાતાવરણ બેસવાનો લાભ વધારે પ્રમાણમાં મળવા માંડ્યો. તેથી મને આનંદ થયો. બોર્ડીંગમાં દરેક વિદ્યાર્થીને સૂવા માટે પલંગ મળતો પણ મેં તો શયનખંડ પાસેની ગેલેરીમાં જમીન પર ચાદર પાથરીએ જ સુવાનું રાખ્યું. જેમ દરેક ઊંચી કેળવણીની સંસ્થામાં હોય છે તેમ સંસ્કારી વિદ્યાર્થીઓ બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ કરતાં થોડા જ હતા. બુદ્ધિને સંસ્કાર બંને જુદી જ વસ્તુ છે. બંનેનો સમન્વય બહુ વિરલ વ્યક્તિનાં જીવનમાં જોવા મળે છે. અમારી સંસ્થા માટે પણ તે હકીકત સાચી હતી.

જી. ટી. બોર્ડીંગમાં વિશાળ મેદાન હતું. ટેનીસ કોર્ટની સગવડ હતી. તે મેદાનને એક ખૂણે એક ઝાડ હતું. તે ઘણું નાનું હોવા છતાં મને ગમી ગયું. રામકૃષ્ણદેવના જીવનમાંથી



પ્રેરણા મેળવી છેલ્લાં ત્રણેક વરસથી મધરાતની આસપાસ ધ્યાન કરવાની મેં ટેવ પાડેલી તે પ્રમાણે મધરાતે ઊઠીને પેલા ઝાડ નીચે ધ્યાનમાં બેસવાની મેં ટેવ પાડી. ધ્યાન કરતી વખતે રામકૃષ્ણદેવને યાદ કરીને મેં વસ્ત્રો પણ કાઢી નાખવા માંડ્યાં. તે દશામાં મને શાંતિ અને આનંદનો અનુભવ થવા લાગ્યો. લગભગ અઢી ત્રણ વાગે ધ્યાન પૂરું કરીને વસ્ત્રો પહેરીને હું પાછો આવી જતો ને થોડોક સમય સુઈ જતો. એ ક્રમ મારો પ્રિય ક્રમ બની ગયો. તેની ખબર કોઈ વિદ્યાર્થીને પડી નહીં, કારણ જે ઝાડ નીચે હું બેસતો તે તદ્દન અંધારામાં હતું ને મારા ધ્યાનમાં બેસવાના વખત દરમ્યાન વિદ્યાર્થીઓ સુતેલા જ રહેતા. એ રીતે નવા વાતાવરણમાં રહીને મેં મારો માર્ગ કાઢી લીધો.

મૌનથી ઘણા લાભ થાય છે, ને ગાંધીજી દર સોમવારે મૌનવ્રત રાખતા તેની મને ખબર હતી, ઓછું ને ખપ પૂરતું બોલવાની ટેવ મને પહેલેથી જ પડેલી. મેં પણ અઠવાડિયામાં એકવાર મૌનવ્રત પાળવાનું નક્કી કર્યું. કોલેજમાં હાજરી પુરાતી તે વખતે 'યસ સર' બોલાવાનું કામ મારાવતી એક બીજા ભાઈને મૌનવ્રતને દિવસે સોંપતો. તે ભાઈ સમજુ ને સંસ્કારી હતા તેથી મારી સૂચનાને સહર્ષ વધાવી લેતા. બાકી તો કોલેજમાં વધારે ભાગે વક્તા જેવા પ્રોફેસરોના શ્રોતા જ બનવાનું હોય છે એટલે મારું વ્રત સહેલું બનતું. સંસ્થામાં પણ વિદ્યાર્થીઓ મારી વાત સમજી જતા. સાધકો માટે મૌનનું મહત્ત્વ ઘણું મોટું છે. ચિત્તની એકાગ્રતા ને કર્તવ્ય પરાયણતા માટે એ આવશ્યક છે. મૌન માટે, તેનો મર્મ રોજિંદા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવાની સૌને મારી ભલામણ છે. (ક્રમશઃ)

શ્રી રામકૃષ્ણ દેવનો અનોખો છતાં અદ્‌ભૂત ભક્ત

# શ્રી ગિરીશચંદ્ર ઘોષ

નારાયણ હ. જાની

(નોંધઃ–શ્રી રામકૃષ્ણ પરમહંસનો અનોખો છતાં અનન્ય ભક્ત ગિરીશચંદ્ર ઘોષ બંગાળનો ખ્યાતનામ નાટ્યકાર ને અભિનેતા અનેક દુર્ગુણોને વ્યસનોમાં ફસાયેલો છતાં શ્રી રામકૃષ્ણદેવમાં અખૂટ શ્રદ્ધા ધરાવતો. તેઓશ્રી ઈશ્વરના અવતાર છે એમ કહેનાર શ્રીવિવેકાનંદ નહિ, પરંતુ શ્રી ગિરીશ ઘોષ જ હતો. અહીં તેના જીવન–પ્રસંગો ત્રણ હપ્તામાં રજુ થશે. આ પ્રથમ હપ્તો છે.

શ્રી ગિરીશચંદ્ર ઘોષનો જન્મ કલકત્તાના બાગબઝાર પરગણામાં સને ૧૮૪૪માં થયો હતો. એમની ઉંમર હજુ નાની હતી તે દરમ્યાન જ એમનાં મા ને બાપ બન્ને ગુજરી ગયાં હતાં. તે પછી થોડા વખતમાં તેમણે લગ્ન કર્યું, પરંતુ આ લગ્ન એમના જીવનમાં સ્થિરતા લાવી શક્યું નહિ.

શ્રી ગિરીશ ઘોષમાં પરસ્પર વિરોધી કહેવાય એવા ઘણા બધા ગુણો અવગુણોનું સંમિશ્રણ થયેલું જણાતું. એક તરફ એમનામાં નાટ્યકારની પ્રખર નિપુણતા, અભિનેતાની સુંદર અદાકારી સાથે નાટકોનાં સુંદરગીતોની લેખનશકિત, ભાવ-ભકિતપૂર્ણ સ્વભાવ, તો બીજી તરફ પશ્ચિમી વિચારોની અસર-ને લીધે શંકાશીલ તર્કબુદ્ધિ અને અસાધારણ મજબૂત શારીરિક બાંધાને લીધે ઉત્કટ વિષય લંપટતા; કેવો વિરોધા ભાસ !

શ્રી ગિરીશ ઘોષને પોતાની આજીવિકા કંટાળા ભરેલાં ઓફિસ કામોને વારાફરતી સતત કરીને રળવી પડતી. આમ



છતાં તેનો ફુરસદનો સમય નાટ્ય લેખન, અભિનય શિક્ષણ, સાથી મિત્રો સાથે ઠઠ્ઠામશ્કરી તેમ જ વિવિધ પ્રકારની વિલાસીતામાં વહેંચાયેલો રહેતો.

વિષયલંપટતામાં તે થોડા સમય માટે ઉગ્રતાપૂર્વક ડૂબી જતો, તો વળી આવા કૃત્યોથી થતા આત્મડંખના ભારે દુઃખથી તેનાથી વિમુખ પણ થઈ જતો. વળી પાછો એટલી જ ઉગ્રતાથી એના તરફ વળી જતો. આવો વિચિત્ર સ્વભાવ ગિરીશનો હતો.

સાચું પૂછો તો ઓગણીસમી સદીમાં યુરોપનાં શહેરોમાં તદ્દન જાણીતા એવા સ્વૈરવિહારમાં માનતા કલાકાર જેવો ગિરીશ હતો. પરંતુ એ ખરૂં કે કલકત્તામાં, પ્રમાણમાં અપ્રચલિત હોવાને લીધે, આ પ્રકારના કલાકારોને હલકા કે નિર્લજ ગણવામાં આવતા. પશ્ચિમની અસર હોવા છતાં, કલકત્તામાં જૂના હિંદુ સમાજનાં રૂઢિચુસ્ત ધોરણો ને સિદ્ધાંતો-માં સન્માનવામાં આવતાં, પછી ભલે વ્યવહારમાં એનાથી ઊલટું હોય.

શ્રી ગિરીશની બાબતમાં તો બુદ્ધિચાતુર્યે અને વિષય-લંપટતાએ જાણે વત્તા ઓછા પ્રમાણમાં ધીમેધીમે સહ-અસ્તિત્વ પ્રાપ્ત કરી લીધું હતું. એક તરફ તે પોતાની જાતીય-વૃત્તિઓ સંતોષવામાં મગ્ન રહેતો તો બીજી તરફ પોતાની નાટ્યલેખન અને અભિનય પ્રવૃત્તિ પણ ચાલુ રાખતો. તેની ત્રીસીમાં જ તે બંગાળના આધુનિક નાટકોના પ્રણેતા તરીકે ઓળખાવા લાગ્યો હતો. સૈકાઓ સુધી બંગાળી નાટકો લગ-ભગ મૃતદશામાં હતાં. ગિરીશે હવે તેને નવું સ્વરૂપ આપ્યું. તેણે ઢગલાબંધ નાટકો લખી બંગાળી ભાષાને નાટ્ય સમૃદ્ધ કરી શેક્સપિયર ઢબનાં ગેયપદોવાળાં ધાર્મિક, ઐતિહાસિક તેમ જ સાંપ્રત સમાજના પ્રશ્નોને રજુ કરતાં. સામાજિક નાટકો

તળપદી બંગાળી ભાષામાં સરસ રીતે લખ્યાં. સાથે તેણે આ
નાટકોમાં અભિનય આપી શકે તેવા નટ-નટીઓ ને પણ
તાલીમ આપવા માંડી. તે પોતે પણ નાટકોમાં ભાગ લેતો
એટલું જ નહિ પણ એણે એટલી બધી નિપુણતા પ્રાપ્ત કરી
હતી કે એક જ નાટકમાં બે ત્રણ પાત્રોનો અભિનય ઘણીવાર
તે આપતો. તેના હાથ નીચે તાલીમ લેતા બધા કલાકારો
તેના પ્રત્યે પણ પૂજ્યભાવ રાખતા. ૧૮૮૩માં કલકત્તામાં 'સ્ટાર
થિએટર'નું ઉદ્‌ઘાટન એના પૈસા અને દોરવણી નીચે થયું.
એ આધુનિક બંગાળનું એક અગ્રસર નાટ્યગૃહ બની રહ્યું.

આ સમય દરમ્યાન ગિરીશના સ્વભાવનાં બે વિરોધા-
ભાસી વલણોનો સંઘર્ષ ચાલુ રહ્યો. એમાં એક બાજુ હતો
એનો સંશયવાદ, તો બીજી બાજુ હતી એની ભાવભક્તિપૂર્ણ
ધર્મ પ્રત્યેની ઉત્કટ ઇચ્છા. શ્રી રામકૃષ્ણદેવ સાથે પોતાની
મુલાકાત થઇ તે પહેલાંના પોતાના મનની સ્થિતિનું વર્ણન
ગિરીશે આ પ્રમાણે કર્યું છે.

"આવા સંઘર્ષના સમયે મને વિચાર આવતો કે શું
ઈશ્વર ખરેખર અસ્તિત્વ ધરાવે છે? શું તે માણસની પ્રાર્થના
સાંભળતો હશે? શું તે ખરેખર માણસને અંધકારમાંથી
પ્રકાશમાં જવાનો માર્ગ પણ ચીંધતો હશે?" આ પ્રશ્નોના
જવાબ મારું મન હકારમાં આપતું, એટલે હું તુરત આંખો
મીચીને પ્રાર્થના કરવા બેસી જતો, ને કહેતો હે પ્રભુ! જો
તમે ખરેખર અસ્તિત્વ ધરાવતા હો તો મને પાર ઉતારો,
મને શરણમાં લો. મારે આપ સિવાય બીજો કોઈ સહારો નથી?

"પરંતુ આટલાં બધાં વર્ષો સુધી મેં જ શંકાની ભૂતા-
વળો પોષેલી અને લોકો સમક્ષ કહેલું કે ભગવાન જેવું કંઈ
છે જ નહિ....એટલે એ જ શંકાઓનો હું ફરી શિકાર બનતો.



એમ છતાં ભગવાનનું અસ્તિત્વ નથી, એમ છાતી ઠોકીને કહે-
વાની હું કદી હિમ્મત કરી શક્યો ન હતો."

મારી આ શંકાશીલતાની મુશ્કેલી વિષે હું જે જે લોકો
સાથે ચર્ચા કરતો તે સહુ એકી અવાજે કહેતા કે ગુરુના
ઉપદેશ સિવાય તારી આ શંકાશીલતા જશે નહિ. એટલું
જ નહિ, પરંતુ આધ્યાત્મિક માર્ગમાં તે વિના પ્રગતિ કર-
વાનું પણ શક્ય બનશે નહિ. પરંતુ મારી બુદ્ધિ કોઈ માનવ
શરીર ધારીને ગુરુ તરીકે સ્વીકારવા આનાકાની કરતી.

શ્રી રામકૃષ્ણદેવ સાથેની પહેલી મુલાકાતની કોઈ ચોક્કસ
તારીખ મળતી નથી. પરંતુ ગમે, તેમ તે બહુ સંતોષકારક
ન હતી. ગિરીશે છાપામાં વાંચેલું કે કોઈ પરમહંસ કક્ષાના
સંત દક્ષિણેશ્વરમાં વસે છે અને શ્રી કેશવચંદ્ર સેન પોતાના
શિષ્યો સાથે એમની વારંવાર મુલાકાત લે છે. બ્રહ્મોસમા-
જીઓના આવા ઉત્સાહ અંગે ગિરીશને ભારે શંકા હતી
અને એને લાગતું કે એમના આ પરમહંસ પણ કોઈ ધૂતા-
રા જ હશે. આમ છતાં જ્યારે તેને ખબર પડી કે તેની
નજીકમાં રહેતા એક વકીલને ત્યાં શ્રી રામકૃષ્ણ આવવાના
છે, ત્યારે તે જાતે તેમને જોવા ને મળવા ગયો.

એ વખતે સંધ્યાકાળનો સમય હતો ને ઓરડામાં દીવા-
ઓ લાવવામાં આવી રહ્યા હતા. આમ છતાં શ્રી રામકૃષ્ણ-
દેવ વારંવાર પૂછતા કે શું સંધ્યાકાળ થઈ ગયો? ગિરીશે આ
અગાઉ કદી પણ કોઈ દેહાતીત અવસ્થાવાળી વ્યક્તિને જોઈ
ન હતી; જ્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસનું બાહ્યભાન વારં-
વાર ચાલ્યું જતું. તેથી એમને બાહ્ય વાતાવરણની કોઈ
ખબર ન રહેતી. શ્રી ગિરીશે તો જે કંઈ જોયું તે એ કે
આ વિચિત્ર દેખાવવાળો માણસ એની સામે જ દીવાઓ
બળતા હોવા છતાં વારંવાર પૂછી રહ્યો છે કે શું સંધ્યાકાળ

થઈ ગયો છે! આથી સ્વાભાવિક રીતે જ તેને શંકા ને ઘૃણા થઈ. આ તે વળી કેવો ઢોંગનો અભિનય છે, એમ વિચારી એ તુરત જ ત્યાંથી ચાલ્યો ગયો.


આ પછી એકાદ વર્ષ બાદ ૧૮૮૪ના સપ્ટેમ્બરમાં ગિરીશે ફરી શ્રી બલરામ બોઝના ઘેર શ્રી રામકૃષ્ણદેવને જોયા. આ વખતે તેના ઉપર ખૂબ સાનુકૂળ છાપ પડી. એણે તો ધારેલું કે બીજા પ્રણાલિકાગત સાધુ પુરુષોની જેમ શ્રી રામકૃષ્ણદેવ પણ વર્તશે અને બધાની વચ્ચે ભવ્ય મૌન ધારણ કરીને બેસશે. પરંતુ એના આશ્ચર્ય વચ્ચે એણે જોયું કે શ્રી રામકૃષ્ણદેવ તો દરેક આગંતુકને છેક જમીન સુધી માથું અડાડી માનપૂર્વક ને નમ્રતાથી પ્રણામ કરતા હતા. બિન્દુ નામની એક નૃત્યકાર છોકરીને એમની બાજુમાં બેસાડવામાં આવી હતી, જે એમને ભજનો સંભળાવતી. આ વખતે ગિરીશનો એક મિત્ર એની પાસે ઊઠીને આવ્યો ને એના કાનમાં કટાક્ષમય રીતે ગણગણીને બોલ્યો કે રામકૃષ્ણ અને બિન્દુ બન્ને પરસ્પર પ્રેમીઓ હોવાં જોઈએ! નહિ તો એક બીજા સાથે આ પ્રમાણે હસી મશ્કરી કરી વાતો થોડાં કરે? એ સમયે જ ગિરીશને આ આડકતરા છૂપા કટાક્ષથી આઘાત લાગ્યો, એટલું જ નહિ પરંતુ શ્રી રામકૃષ્ણદેવ ને બિન્દુ વચ્ચેના ખરાબ સંબંધની વાતને સાચી તે માની શક્યો નહિ. આમ છતાં હજુ તેને પૂરેપૂરી પ્રતીતિ થઈ નહોતી કે આ ખરેખર પરમહંસ જ છે. શ્રી રામકૃષ્ણદેવથી પ્રભાવિત ન થયેલા બીજા એક મિત્રએ જ્યારે એને કહ્યું, "આવું તો મેં ઘણું બધું જોયું છે ચાલ બહાર જઈએ." ત્યારે ગિરીશ તેની સાથે બહાર નીકળી ગયો. એ વખતે પણ એનું મન જવા માટે કચવાયું હતું, છતાં એ વાતનો સ્વીકાર કરતાં એને પોતાની જાતને પણ સંકોચ થતો હતો. (ક્રમશઃ)

(ક્રિસ્ટોફર ઈશરવુડના આધારે)



# મત્સ્યાસન

શ્રી મણિભાઈ શાહ




મત્સ્ય એટલે માછલું. માછલું જેમ પાણીમાં સ્થિર રહી શકે છે તેમ આ આસન વાળી અંગો હલાવ્યા વિના પાણીમાં સ્થિર રહી શકાય છે તેથી આને મત્સ્યાસન કહે છે.

આસનની રીતઃ—

(૧) બંને પગ પહોળા રાખી લંબાવીને બેસો.

(૨) હવે જમણો પગ ગોઠણમાંથી વાળી પગનું તળિયું ઉપર રહે તેમ ડાબા સાથળ પર મૂકો. એવી જ રીતે ડાબો પગ વાળીને જમણા સાથળ પર મૂકો, એટલે પદ્માસન જેવી પગની ચોકડી થશે. જુઓ ચિત્ર નં–૧

(૩) પછી પદ્માસન છોડયા વિના ધડને પાછળ નમાવી બંને હાથનો સહારો લઈ જમીન ઉપર ચત્તા સૂઈ જાઓ. હાથ બંને પડખે લંબાવેલા રાખો. જુઓ ચિત્ર નં–૨

(૪) પછી બંને કાન પડખે બંને હાથના કાંડા આવે તેમ કોણીઓ વાળી અને આંગળાં ખભા તરફ રહે તેમ બંને પંજા ગોઠવો. ચિત્ર નં- ૩

(૫) હવે એવી રીતે ગોઠવેલા હાથના ટેકાથી કમરથી મસ્તક સુધી કમાન કરી માથું જમીન પર ગોઠવી જમણા હાથે ડાબા પગનો અંગુઠો અને ડાબા હાથે જમણા પગનો અંગુઠો તર્જનીથી પકડો.

આટલું થયું એટલે આસન પૂરું થયું. આસન ધીરેધીરે ઉલટાક્રમથી છોડવું.

આ આસન સર્વાંગાસનનું પુરક આસન છે. તેથી સર્વાંગાસન સાથે કરવામાં આવે છે અને ત્યારે જ સર્વાંગાસનથી પૂરા પ્રમાણમાં લાભ થાય છે. એટલે આસનના અભ્યાસક્રમમાં બંનેને સ્થાન હોવું જોઈએ.

સમય મર્યાદા જો સર્વાંગાસનની ૫૦ સેકંડ રાખવામાં આવે તો મત્સ્યાસનની ૧૫ સેકંડ રાખવી.



શ્વાસોશ્વાસ સ્વાભાવિકરીતે ચાલવા દેવા અને ધ્યાન કંઠસ્થાન કે થાયરોઇડગ્લેંડ (Thyroid gland) પર કેન્દ્રિત કરવું.

ફાયદાઃ–

(૧) થાયરોઇડગ્લેંડ (Thyroid gland) નીરોગી અને સબળ થાય.

(૨) ગર્દનના સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓ સબળ થાય.

(૩) વક્ષઃપીંજરના સ્નાયુઓને વ્યાયામ મળે અને ફેફસાંની કાર્યક્ષમતા વધે.

(૪) કરોડની સ્થિતિસ્થાપકતા વધે.

(૫) પેટની અંદરના અવયવો ઉપર દબાણ થવાથી તેમની કાર્યક્ષમતા પણ વધે.

સૂચના : (૧) માથા નીચે ચોવડું કે આઠ વડું લુગડું રાખવું. (૨) ગર્દન કે કરોડમાં દુખાવો હોય ત્યારે આસન ન કરવું.

# કબીર સુધા–૨

ઈશ્વરભાઈ પટેલ

કહત કબીર હેત કર ગુરુ સૌ,
નહિ તોર મુક્તિ જાઈ નસાય.

કબીર સાહેબને મતે મુક્તિ મળે એટલે જીવન સાર્થક અને સફળ થયું ગણાય. પરંતુ મુક્તિની ઈચ્છા થાય તે પહેલાં મનુષ્યે મન દ્વારા પોતાની ફરતે ઘણી દિવાલો ચણી દીધી હોય છે. આ દિવાલો તોડવાનું તેને મન થતું નથી. મુક્તિની ઇચ્છા તીવ્ર થાય ત્યારે તે આ દિવાલો તોડવા મથે છે, પણ ગુરુની સહાય વિના તેમને તે તોડી શકતો નથી. 'ગુરુ બિન કૌન બતાવે બાટ' એ કબીર સાહેબનું અનુભવ વચન ત્યારે સાચું લાગે છે. પરંતુ આધુનિક સમય ઘણો વિષમ છે. દંભ અને પાખંડ સર્વ ક્ષેત્રોમાં અધિકાંશે ફેલાયેલા જણાય છે. સાધુ સાચો સાધુ છે કે કેમ, સંન્યાસી સાચો સંન્યાસી છે કે કેમ, અને વૈરાગી સાચો વૈરાગી છે કે કેમ તે સહેલાઈથી જાણી શકાતું નથી. સામાન્યતઃ લોકો આ અંગે નિશ્ચય કરી શકતા નથી. વળી ગુરુ કોણ થઈ શકે? સંન્યાસી જ ગુરુ થઈ શકે કે વળી ગૃહસ્થી? આ બધા પ્રશ્નો પણ લોકમાનસમાં સ્વાભાવિક રીતે ઊઠતા હોય છે. પ્રસિદ્ધ યોગી શ્રીલાહિરીમહાશય પોતે ગૃહસ્થી હતા, છતાં તેઓ સ્વામી યોગાનંદના ગુરુ–સ્વામી યુકતેશ્વરગિરિના ગુરુ બન્યા હતા. તે જ રીતે સ્વામી પ્રકાશાનંદના ગુરુ શ્રી લલ્લુદાસ ગોરધનદાસ ગૃહસ્થી જ હતા. તેથી ગૃહસ્થી પણ ગુરુપદ શોભાવી શકે છે. તે માટે બે મત નથી. પરંતુ આ ઘોર



કલિકાળમાં, દંભ અને પાખંડના જમાનામાં, ગુરુ કોને માનવા તે એક મોટો પ્રશ્ન છે. વળી આ તો વિજ્ઞાનનો યુગ છે. શ્રદ્ધાનો અભાવ વધતો જ જાય છે. વૈભવ અને વિકાસ એ જ એક માત્ર લક્ષ્ય જણાય છે. તેને પ્રાપ્ત કરવાની પણ ઉતાવળ એટલી જ તીવ્ર છે. ઉતાવળમાં વિવેક બાજુએ મૂકી દેવામાં આવે છે. તેથી સાચા સંતને કે ગુરુને ઓળખવામાં આપણે ભૂલો જ કરીએ છીએ.

મને એક પ્રસંગ યાદ આવે છે, આ પ્રસંગ વડોદરાના આ વર્ષે થયેલ વ્યાખ્યાનમાં પૂ. યોગેશ્વરજીએ કહ્યો હતો. એક સ્થિતિસંપન્ન શેઠ પૂ. યોગેશ્વરજી પાસે પોતાનો આનંદ વ્યક્ત કરતા કહેવા લાગ્યો. "યોગેશ્વરજી મારા આનંદનો પાર નથી" "ઘણી સારી વાત શું થયું?" "અરે! કુંભ મેળામાં મને સમર્થ ગુરુ મળી ગયા." "તો તો તમે ભાગ્યશાળી" "હા ખૂબ ભાગ્યશાળી, આવા ગુરુ બધાને ન મળી શકે લાંબી લાંબી જટા, લાંબી લાંબી દાઢી, શરીરે ભભૂત ચોળેલી લાલઘૂમ આંખ અને શી તેમની મસ્તી!" "આ તો બાહ્ય લક્ષણો કહેવાય, આંતરિક લક્ષણો વધારે જરૂરનાં છે. તે જાણ્યાં?" "બાહ્ય લક્ષણો સારાં એટલે આંતરિક લક્ષણો પણ સારાં જ હશે ને?" થોડા મહિના પછી યોગેશ્વરજી પર ફોન આવ્યો તેમણે ટેલીફોનમાં કહ્યું, "મારે ગુરુ કરવા છે." યોગેશ્વરજીએ તેમને ટકોર કરી "તમે તો કુંભ મેળામાં ગુરુ કર્યા જ હતા, હવે શી જરૂર છે? ત્યારે તેમણે અફસોસ સાથે કહ્યું" તેમની વાત જવા દો, હું તો ફસાઈ ગયો છું.

આ રીતે આપણા જમાનામાં કળિયુગનાં લક્ષણો વધારે પ્રમાણમાં વ્યક્ત થતાં રહે છે. સામાન્ય માણસ દંભ અને

પાખંડની લીલા ઓળખી શકતો નથી તેથી ઘણીવાર તે છેતરાતો રહે છે. યોગેશ્વરજી જેવા સિદ્ધ મહાપુરુષ આ અંગે અનેકવાર ટકોર કરતા જ રહે છે. સહુ કોઈને આ અંગે ઉપયોગી થાય એવી માહિતી એમના પુસ્તકોમાંથી પણ મળી રહે છે. તેમણે સાચા સંતનાં કે ગુરુનાં લક્ષણો તારવી બતાવ્યાં છે. સુરતની સત્સંગ સભામાં તેમણે ભક્તિની મીમાંસા કરતી વખતે જણાવેલું કે સાચા સંતો નિર્મળ મનવાળા, નિરાભિમાની, નિત્ય પ્રભુપરાયણ અને સમત્વ બુદ્ધિવાળા હોય છે. કબીર સાહેબે પણ સાચા ગુરુ કેવા હોવા જોઈએ તે અંગે પોતાના વિચારો નીચેના પદમાં સ્પષ્ટ જણાવ્યા છે.

સાધો, સો સતગુરુ મોહિ ભાવૈ.
સત્તનામકા ભરભર પ્યાલા આપ પીવૈ મોહિ પાવૈ!
[1]મેલે જાય ન મહંત કહાવૈ, પૂજા ભેટ ન લાવૈ,
પરદા દૂર કરે આંખિનકા,[2] નિજ દરસન દિખલાવૈ: ૧

જાકે દરસન સાહબ દરસૈ [3] અનહદ શબ્દ સુનાવૈ,
માયા કે સુખ દુ:ખ કર જાનૈ [4]સંગ ન સુપન ચલાવૈ.
નિશદિન સત સંગતમેં રાચૈ શબ્દમેં સુરત સમાવૈ,
કહત કબીર તાકો ભય નાહીં નિરભય પદ [5]પરસાવૈ ૨

---

૧ મેલે–મેળામાં, કુંભમેળામાં કે ઉત્સવમાં
૨ નિજ–આત્મસ્વરૂપ
૩ અનહદ–અનાહત નાદ. દસ પ્રકારના નાદ ગણાય છે. ઘંટનાદ, મેઘનાદ, સાગર જેવો નાદ, બંસરીનાદ, તમરાજેવો નાદ વગેરે
૪ સંગ–આસક્તિ
૫ પરસાવે–સ્પર્શ કરાવે–પરિચય કરાવે



સાચા સંતો સદાય પ્રભુપરાયણ રહે છે. પોતાના મનને પ્રભુમાં જ જોડેલું રાખે છે. હરહમેશ હરિ રસના પ્યાલા પોતે પીયા કરે છે અને બીજાને પણ પીવડાવ્યા કરે છે, તેમના દર્શન માત્રથી પ્રભુ જ યાદ આવે છે, કારણકે પરબ્રહ્મ પરમેશ્વરનાં તમામ લક્ષણો તેમના પ્રત્યેક વર્તનમાં વ્યક્ત થયાજ કરે છે. તેઓ તો નિસ્પૃહી હોય છે, તેથી કોઈ પણ પાસે કોઈપણ પ્રકારની અપેક્ષા રાખતા નથી. તેમને નથી હોતી ધન–સંપત્તિની કામના, કે નથી હોતી માન મરતબાની લાલસા. તેમને પ્રભુ સિવાય અન્ય બાબતોમાં રસ જ નથી હોતો.

જેમને ઇચ્છા હોય છે તેઓ માન મરતબાની તૃષ્ણાથી મેળામાં કે ઉત્સવોમાં જતાં હોય છે. લોકો તેમને જોઈને ટોળે વળે છે. તેમની છટાઓથી પ્રભાવિત થઈને ભેટો પણ ધરે છે. ધીમે ધીમે ધન સંપત્તિ એકઠી થતી જાય છે. તેમની પરિગ્રહ કરવાની વૃત્તિ પ્રગટ બનતી જાય છે. મોટાં મોટાં મઠ મંદિરો બાંધે છે. પરબ્રહ્મ પરમેશ્વરની આડે આવે એવી વાસનાજન્ય દિવાલો માનસિક બાંધતા જાય છે. છેવટે વૈભવ વિલાસમાં એવા તો ડૂબી જાય છે કે મોક્ષને માટે પ્રવૃત્ત થયેલા તેઓ બંધનની બેડીમાં જકડાઈ જાય છે.

પરંતુ જે સદ્‌ગુરુ ધ્યેયનિષ્ઠ છે, તેની ગતિ તો ન્યારી જ છે. તેઓ પોતે જીવનમુક્ત અવસ્થામાં પોતાનું શેષ પ્રારબ્ધ પરમ આનંદથી ભોગવતા હોય છે. પોતાની ચિત્તવૃત્તિને તેઓ કાયમ પ્રભુમાં જ નિમગ્ન રાખે છે અને સાથે સાથે સદાય સત્સંગની પ્રવૃત્તિમાં જ રાચતા જણાય છે. તેઓના મનમાં તૃષ્ણાનો કાદવ રહેલો જ નથી. તે તો પહેલેથી જ તપશ્ચર્યા અને જ્ઞાન વડે સુકાઈ ગયેલો હોય છે. ગયા વર્ષે

પૂ. શ્રી યોગેશ્વરજી ઇંગ્લેંડ, અમેરિકા. અને ઝાંબિયાના પ્રવાસે ગયેલા ત્યારે તેમની નિઃસ્પૃહી અવસ્થાનો ઘણાને ખ્યાલ આવ્યો. તેમને ઝાંબિયામાં રામકૃષ્ણ આશ્રમમાં કાયમને માટે રહેવાનું આમંત્રણ મળ્યું, તે તેમણે બહુ જ સહજ ભાવે ન સ્વીકાર્યું. ઇંગ્લેંડમાં મોટી સંપત્તિ તેમને ચરણે ધરી દેવાની અભિલાષા એક ભાઈએ વ્યક્ત કરી ત્યારે પણ તેમણે નિરાસક્ત ભાવે તેનો અસ્વીકાર કરેલો. અમેરિકામાં કાયમના નિવાસ માટે તેમને આગ્રહ કરવામાં આવ્યો ત્યારે પણ તેમણે પોતાના ઉદ્દેશને આગળ ધરી, એવા પ્રસ્તાવો ફરીથી ન જણાવવાની સૂચના આપી. આ બધા પ્રસંગો પૂ. શ્રી યોગેશ્વરજીની અસંગ અવસ્થાની આપણને પ્રતીતિ કરાવે છે. કબીર સાહેબે દોરેલું સદ્‌ગુરુનું ચિત્ર મને આમ પૂ. યોગેશ્વરજીમાં તાદૃશ થયેલું જણાય છે.

છતાં શંકાશીલ માનસ તો શંકા કરશે જ. ગુરુ ભલે સમર્થ હોય પણ શિષ્યને આંતરિક રીતે ખરેખર લાભ થાય છે ખરો? "થાય છે તો કેવા પ્રકારનો? અને કેટલો?" આ પ્રશ્નોનો ઉત્તર અનુભવી પુરુષો જ આપી શકે. અનુભવી પુરુષોના વચનો પર શ્રદ્ધા રાખ્યા વિના છુટકો નથી. ગુરુના સાંનિધ્યમાં રહેવાથી ગુરુની શક્તિનો શિષ્યને પરિચય થાય છે. તેમના ગુણો શિષ્યના હૃદયમાં આકર્ષણ પેદા કરે છે. ગુરુ માટે શિષ્યના હૃદયમા પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે. પ્રેમ જાગ્યા પછી જ શિષ્ય પોતાની નિર્બળતા ત્યાગી દેવા ખચકાટ અનુભવતો નથી. જેમ જેમ શિષ્યના હૃદયમાં ગુરુ માટે અનન્ય ભાવ ભક્તિ જાગે છે, તેમ તેમ તેનું હૃદય શુદ્ધ બનતું જતું હોય છે અને સાત્ત્વિક ભાવોથી ઊભરાતું રહે છે. શિષ્ય ધીમે ધીમે ધ્યેયલક્ષી બનતો જાય છે. ધ્યેયની આડે આવનાર



તત્ત્વોને તે ગુરુની સહાયથી હિંમતપૂર્વક દૂર કરવા કટિબદ્ધ બનતો જાય છે. તેનામાં ધ્યેય માટે અનેરી નિષ્ઠા જન્મે છે. પછી તે ધ્યેય માટે ફના થઈ જવામાં પાછી પાની કરતો નથી. તેનામાં ભારે હિંમત અને અદમ્ય જુસ્સો આવી જાય છે. આવું આવું, ઘણું અનુભવી પુરુષોનું કહેવું છે, તે સ્વીકારીશું તો જ ગુરુની મહત્તાનો ખ્યાલ આવશે. શિષ્યને અંતર્મુખ બનાવવા તેના મનને પ્રભુ પરાયણ કરવા અવનવા ઘાટ ઘડે છે. તેથી ગુરુ બ્રહ્મા છે. શિષ્યને પ્રભુ પરાયણ બનાવવા જરૂરી ગુણોનું સિંચન કરે છે અને તે અંગે જરૂરી ઉત્સાહ અને પ્રેમ પ્રદાન કરે છે તેથી ગુરુ વિષ્ણુ છે. શિષ્યની મલિનતા દૂર કરવા તે જરૂરી ભુમિકા અને સાધનો પૂરાં પાડે છે, તેથી તે મહેશ્વર પણ છે. તેથી જ કબીર સાહેબે જીવનની સફળતા માટે સદ્‌ગુરુ સાથે પ્રીત બાંધી લેવાનો આપણને ઉપદેશ આપ્યો છે.

## આવ મારા શ્યામ તને

સર્વેશ્વરી.

( ભોળીરે ભરવાડણ નો રાગ )

આવ મારા શ્યામ તને બોલાવું સવારમાં,
ઉઠતાંની સાથે વ્હાલા સાદ કરું શ્યામને...આવ.
દાતણ કરવા આવજે મારા શ્યામ સુંદર આજે રે,
દાતણ કરતાં દર્શન પામું, દામોદર તારાં રે...આવ.
પ્રેમના પાણીથી પ્રીતમ, સ્નાન કરીશું સાથે રે,
પ્રેમની ચુંદડી પહેરીને પીતાંબર પહેરાવું રે....આવ.

અવનવા શણગાર
સ્નેહથી સજાવીશું,
શણગાર સજી વ્હાલા
આસનીયે બેસીશું. ... આવ.

પ્રાર્થના કરવાને પ્રીતમ
પલાંઠી તું વાળજે,
પાસે બેસી સાંભળજે
પ્રેમના પોકાર રે. ... આવ.

સ્મરણની મસ્તી માંહી તું
તાલ દેજે ત્રિકમ રે,
આંખડી ઉઘાડું ત્યારે
સામે ઊભો રહેજે રે ... આવ.

સુખદુઃખ સુણજે તું
શ્યામ સુંદર સ્નેહે રે,
સુખે દુઃખે સાથે રહેજે
શ્યામસુદર આજે રે. ... આવે.

ભોજન બનાવું ત્યારે
ભળજે ભગવાન રે,



કણકણમાં કિષ્ના તું
કામણ ભરજે ન્યારા રે ... આવ.

વિદુરની ભાજી ખાવા
છાંડ્યા તેં પકવાન રે,
એંઠા બોર શબરીના
સાથે બેસી ખાધાં રે. ... આવ.

મીરાંબાઈના વિષ પ્યાલા
પીધા તેં તો પ્રેમે રે
મનગમતાં ભોજન મોહન
આરોગીશું આજે રે. ... આવ.

જીવન જંગ જીતવાને
જાશું જાદવ સાથે રે,
જંગમાં તું સંગ રહેજે
શામળીયાજી આજે રે ... આવ.

કામ કરજે કિષ્ના મારું
કદમ ભરજે આગે રે,
ધર્મ સત્કર્મે વ્હાલા
સાથે રહેજે શ્યામ રે ... આવ.

સ્નેહસુના સદન આ
સંભારે છે આજે રે,
અંતરની ઓરડીઓ
આલાપે છે આજે રે. ... આવ.

રોમરોમ ઝંખે મારા
શ્યામ તને ભેટવા
ભાવે તું ભોજે સુજને
શ્યામ સુંદર આજે રે ... આવ.

# योगक्षेमम् वहाम्यम्

**શ્રી લાભુભાઈ ભટ્ટ**

આ સંબંધમાં ગીતા પંડ્યાનું એક દૃષ્ટાંત છે, તેઓ દક્ષિણ દેશમાં થઈ ગયા. પહેલાં સમૃદ્ધિવાન હતા. પ્રભુભક્તિ કરતાં કરતાં તેમણે સર્વપ્રકારના પરિગ્રહોનો પરિત્યાગ કર્યો હતો. તેઓ શ્રીકૃષ્ણ પરમાત્માના અનન્ય ભક્ત હતા અને હંમેશા ગીતા પાઠ કરતા. ગીતાના બોધને તેમણે જીવનમાં ઉતાર્યો હતો. એટલે તેઓ ગીતા પંડ્યા તરીકે ઓળખાતા હતા, કુટુંબના નિર્વાહ માટે પ્રભુની ભક્તિ સિવાય અન્ય કોઈ પુરુષાર્થ કરતા નહિ. હમેશા અયાચક વૃત્તિ રાખી સહજ રીતે જે કાંઇ મળે છે તેમાંથી કુટુંબનું પોષણ કરતા.

એક સમયે સખત દુકાળ પડ્યો, ત્યારે તેઓ પોતાની સંપત્તિમાંથી જે કોઈ માગે તેને યથાશક્તિ મદદ કરતા. સમય જતાં તેમને પણ ગુજરાન માટે મુશ્કેલી પડવા લાગી. તેમનાં પત્ની કુટુંબ નિર્વાહ માટે કાંઈક પુરુષાર્થ કરવા વારંવાર કહેતાં, ત્યારે તે કહેતા કે "મેં કોઈ વખત યાચના કરી નથી અને પ્રભુ ઉપર અપાર શ્રદ્ધા રાખી, જે કાંઈ મળે તેથી સંતોષ માની નિર્વાહ કરવો એ ધર્મ સ્વીકાર્યો છે એટલે મારાથી મગાશે નહિ." તેમની પત્ની કહેતાં "આપણે બ્રાહ્મણ છીએ એટલે નિર્વાહ માટે ભિક્ષા માંગી લાવવી તે આપણા માટે ખોટું નથી."

'આજે તો હવે ઘરમાં લોટ વગેરે કોઈ વસ્તુ રહી જ નથી તો થોડુંક માંગી લાવો તો સારું.'



ગીતા પંડ્યાએ એ માટે ના પાડી અને કહ્યું કે 'શ્રદ્ધા રાખો" એમ કહી ઉપર કહેલો ગીતાનો શ્લોક બતાવ્યો.

શ્રી ગીતામાં ભગવાને કહ્યું છે કે "જે ભકતો મારું ચિંતન કરે છે, અને મારી ઉપાસના કરે છે, તેવા મારામાં નિત્ય પ્રેમ રાખનારા મારા ભકતોનું યોગ ક્ષેમ હું ચલાવું છું." આમ કહી ગીતા પંડ્યા ભકિતમાં લીન થઈ ગયા અને આવી સ્થિતિમાં પંડ્યાની પત્નીને ગ્લાનિ થઈ. રોષમાં તેમણે આ શ્લોક ઉપર ત્રણ છેકા માર્યા; આ જોઈ પંડ્યાને ખૂબ દુઃખ થયું અને મૌન રાખી તેઓ બહાર નીકળી ગયા.

થોડીવાર પછી એક ગોવાળનો બાળક કાવડ લાવી તેમના ઘર આગળ ઊભો રહ્યો. અને પંડ્યાજીનાં પત્નીને કહ્યું: "તમારે માટે સીધું મોકલ્યું છે, તે સંભાળી લ્યો." તેમણે કાવડ ખાલી કરી તો તેમાં અનાજ, ઘી, તેલ, ગોળ, દાળ ચોખા વગેરે હતાં. પંડ્યા પત્નીએ આ બાળકને થોડીવાર બેસી જમીને જવા કહ્યું ને પછી રસોઈ તૈયાર કરીને બાળકને જમવા બેસવા કહ્યું ત્યારે બાળકે કહ્યું કે હું જમી શકીશ નહિ, કારણ મારી જીભ ઉપર ત્રણ કાપા પડ્યા છે. એમ કહી મોં ઉઘાડી ત્રણ કાપા બતાવ્યા! આ પછી બાળક ચાલ્યો ગયો. સાંજ પડી, પંડ્યાજી ઘેર આવ્યા ત્યારે તેમનાં પત્નીએ સઘળી હકીકત કહી. સાંભળી પંડ્યાજી ગદ્‌ગદ્ થઈ ગયા, તેમણે કહ્યું કે તમે જે ત્રણ છેકા પેલા શ્લોક ઉપર કર્યા હતા તે ખુદ ભગવાનની જીભ ઉપર થયા છે. તમને એની કંઈ ખબર પડી!

'આપણા માટે પ્રભુને કેવું કષ્ટ ઉઠાવવું પડ્યું? એટલું

બોલતાં જ તેમની આંખોમાંથી બોર-બોર જેવડાં આંસુ ખરી પડ્યાં !

સાચા ભક્તો પોતાના પ્યારા પ્રભુને કોઈપણ પ્રકારનું કષ્ટ ન પડે તે માટે સંપૂર્ણ ઈચ્છારહિત થઈ જાય છે. છતાં સમય આવ્યે પ્રભુ પોતાનું વચન પાળે છે જ.

## મન તકરારી

કમળાબેન ઠક્કર

રાગ-ભીમપલાસ. ત્રિતાલ

છે આ મન મારું તકરારી,
છટકી જવાની શોધે બારી.

માળા પૂજા કરવા બેસું કરી બહુ તૈયારી,
તન બેઠું પણ મન નવ બેસે દોડે વારી વારી.

ચંચળતા નવ તજે ઘડીએ ટેવ છે એવી નઠારી
ઠપકો દઈ દઈ થાકું તોયે શીખ સુણે નવ મારી.

દોડધામ કરતાં કરતાં રે શાંતિ ન મળે ધારી,
રહે સદાય અજંપામાંહી, ભટકણ એવું ભારી.

આ જોઈએ તે જોઈએ એને એ જ વૃત્તિ એકધારી,
ઢગો કરે પણ તોય ઊણપની કરે સદા લાચારી.

જ્ઞાનની ગાંઠડી બાંધે સ્નેહે, આતમ સંગ પ્યારી,
ભવ તરવાને બને સહાયી જિંદગી સુધરે સારી.



# પરમ ચેતના પુરુષ પંડિત સુખલાલજી

પ્રપન્નલાલ કાજી

આજનો યુગ અજંપાનો યુગ છે. જો કે અકબર બાદશાહ પાસે જે વૈભવ વિલાસના સાધનો ન હતાં તે પટાવાળાની ઓરડીમાં દેખાય છે. ટી. વી, રેડીઓ, ટેઇપ રેકોર્ડર. છતાં અકબર બાદશાહના પટાવાળા પાસે જે શાંતિ અને સુખની પળો હતી તે આજના બાદશાહી ઠાઠવાળા ધનિકો કે શ્રીમંતાઇને ઝુલે ઝુલનારા પાસે નથી. વિજ્ઞાને જે છેલ્લા ૫૦ વરસમાં શોખ મોજમજાહનાં સાધનો આપ્યાં તે બધાંએ આજના માનવીના હૃદયમાં અશાંતિ જ જન્માવી છે. આ અશાંતિ દૃષ્ટિગોચર જગતમાં ઉત્પન્ન થઈ તે આજે માનસિક સ્તરે પેસી ગઈ છે. મોટા શહેરના ભરચક લતામાં લાખો રૂપીઆની કિંમતના ફ્લેટમાં રહેનાર પાંચ દસ મિનિટે મોટી બસો, ટ્રોલીઓ, ટ્રકો અને ટ્રેક્ટરના ,અવાજના પ્રદૂષણે, અનેક પ્રકારના કારખાના વગેરેમાંથી આવતી ગંધોથી વાતાવરણના પ્રદૂષણે, તથા અનિયમિત અપથ્ય અને સ્વાસ્થ્ય ને હાનિકારક અને જીભને બહેકાવનારા ખોરાકના પ્રદૂષણે માનવી અનિદ્રા, બ્લેડપ્રેશર, હૃદયરોગના હુમલા અને જ્ઞાનતંતુની તંગ અવસ્થા આદિ બીમારીઓનો ભોગ બની ગયો છે.

આવા યુગમાં યોગેશ્વરજી, પંડિત સુખલાલજી જેવા આદરણીય મહાપુરુષો જીવન અને કથન દ્વારા પરમચેતનાના પ્રદીપો જેવા ઝળહળે છે. એમની સાદાઈ સરળતા શુદ્ધિ અને શાંતિ જીવન કેટલું સુખમય બને છે તે દર્શાવે છે. આજના યુગના આ આદર્શ રૂપ મહાત્માઓ આજના માનવી-

ને સાચા જીવનની કેડી દર્શાવે છે.

પંડિત સુખલાલજી તા. ૮-૧૨-૮૦ના રોજ સૌરાષ્ટ્રના લીમડી ગામે જૈન માતાપિતાને ત્યાં જન્મ્યા હતા. ૧૬ વર્ષની વયે શીતળાથી એમની ભૌતિક ચર્મચક્ષુની રોશની ચાલી ગઈ હતી છતાં બાહ્ય જગતને જોવાની આંખો જાણે આંતર જગતના અનેરા દૃશ્યો દર્શાવવા ઉલટી ફરી ગઈ. અને આંખનું નૂર જતાં આત્માના નૂરનો પ્રકાશ ચિત્તતંત્રમાં પ્રવેશી ગયો એમ લાગે છે. અને એ ચિત્તમાંના વિચારો અને તેને મૂર્તરૂપ આપતી વાણી એમને પ્રાપ્ત થઈ હતી. જેમ સુરદાસને અંધત્વથી આંતર દિવ્યતા અને સાચી ભકિતમયતા લાધી હતી તેવી દિવ્યતા સુખલાલજીના જીવનની સૌરભ અને કથનની સચોટતામાં આવી હતી. ધર્મ અંગેની એમની સૂઝ ખૂબ સ્પષ્ટ હતી. ધર્મ એટલે જ જીવન. જીવનને જે ઉદાત્ત પવિત્ર અને પરમાર્થી ન બનાવે, પ્રશાંતિનું પ્રદાન ન કરે તે ધર્મ નહિ. શાસ્ત્રોનો ઝાઝો અભ્યાસ એની વિદ્યાર્થી અવસ્થામાં ન થયેલો છતાં પાછળથી અધ્યાપન અને અધ્યયન એ બે પૈડાંની ગાડીમાં એમનો અધ્યાત્મ પ્રવાસ ખૂબ ઉર્ધ્વ મંઝિલો સર કરી ગયો હતો. અને તત્ત્વજ્ઞાન વિષેની સમજ એમનું વિચારઘન સાહિત્ય વાંચતાં લાગે છે કે ચરમ શિખરે પહોંચી હતી. ગુજરાત વિદ્યાપીઠમાં અને બનારસ હિંદુ યુનિવર્સીટીમાં એમણે ભારતીય તત્ત્વદર્શનના સત્ત્વસભર સંદર્ભ ગ્રંથ "સન્મતિ તર્ક" નું સંપાદન કાર્ય કર્યું હતું. આ ગ્રંથ ગ્રંથ જ નથી એ ચેતના પુરુષનું જીવન બોલતી એક અદ્‌ભુત સાંસ્કારિક ઘટના છે. રાધાકૃષ્ણને એમને પરમ ચેતના પુરુષ તરીકે ગણાવ્યા છે. અને કાકા કાલેલકરે એમને "ગાંધી યુગના દાર્શનિક" તરીકે બિરુદ આપ્યું છે એમને સૌરાષ્ટ્ર



યુનિવર્સીટીએ અને સરદાર પટેલ યુનિવર્સીટીએ માનદ ડી. લીટ્‌ની ડીગ્રીથી વિભૂષિત કર્યા છે. ધર્મ, આર્ય સંસ્કૃતિ, ભારતીય તત્ત્વજ્ઞાન અને ઉદાત્ત સામાજિક જીવન અંગેના એમના જ્ઞાનસભર અભ્યાસપૂર્ણ અને અભ્યાસપ્રેરક નિબંધોનો સંપુટ "દર્શન અને ચિંતન" ગ્રંથને સાહિત્ય અકાદમીએ સર્વ શ્રેષ્ઠ અને સર્વોત્તમ ગ્રંથ તરીકે પસંદ કરી પારિતોષિક પાત્ર ઠેરવ્યો છે. ઊંડો અને વેધક તર્ક અને ઉંડી તાત્ત્વિક વિચારણાવાળો વિવાદ જ્યાં થતો હોય ત્યાં આ પ્રજ્ઞાચક્ષુની અનોખી પ્રજ્ઞાનો પ્રકાશ ઝળહળી ઊઠતો; સનાતન ધર્મના કેવળ વૈચારિક ભૂમિકા પર વિચરતા બ્રાહ્મણ પંડિતો, વિવેક વગરની જૈન ધર્મની વિચારસરણી પર વહી જવા જૈન મુનિઓ, હીનયાન અને મહાયાનમાં ભેદદૃષ્ટિ રાખી દલીલબાજી કરતા બૌદ્ધધર્મના આગેવાનો સાથે એમની ગહરી ઊંડી અને પ્રકાશવંતી સમજમાંથી ઉદ્‌ભવેલી ઉદાર દૃષ્ટિ સંઘર્ષમાં ઊતરી હતી. જગતના સર્વ ધર્મોમાં અને ગાંધીજીએ ચીંધેલા ધર્મ અંગેની વિચારસરણીમાં એમને સર્વતોમુખી સર્વગ્રાહી કુશાગ્ર બુદ્ધિએ સર્વમાન્ય, સન્માનનીય સારસત્ત્વનું દર્શન કર્યું હતું.

ધર્મનું આંતર સ્વરૂપ સમૃદ્ધ અને સત્વશીલ હોવું જોઈએ. ધર્મનું બાહ્ય ઘડતર ક્રિયાશીલ રચનાત્મક સમય અને યુગને બંધબેસતું સ્થિતિસ્થાપક વ્યવહારૂ અને વર્તન સુલભ હોવું જોઈએ એવી દૃઢ માન્યતા એમણે એમના નિબંધોમાં નિર્ભયતાથી, સંકોચવિના અને સ્પષ્ટ અને સચોટ શબ્દોમાં જાહેર કરી હતી. ધાર્મિક સ્વાતંત્ર્ય ધર્મની અંદર બહાર અને સર્વત્ર હોવું જોઈએ એવું વિધાન એ પ્રતિપાદન કરતા. ભારત વિશ્વના તત્ત્વજ્ઞાનનો સાચો ગુરુ છે એમ એઓ કહેતા.

ચમત્કારના ત્રણ પ્રકાર—જાદુગરની હાથચાલાકી અને ગુજરાનનું સાધન—એક પ્રકાર. સંતોની તપશ્ચર્યા સંયમ સિદ્ધિથી સર્જાયેલી શ્રેયકારક ઘટના—બીજો પ્રકાર. પરમાત્માના અવતાર કૃષ્ણે સહજ સર્જેલી લીલા—ત્રીજો પ્રકાર. ચિત્તને કોઈ ચમત્કારે બાંધી લેવું ન જોઈએ. આ બધું જોવું પણ તટસ્થ મુક્ત મને નિરખવું સાક્ષીભાવને સાચવવો.

હરિજનો, અજ્ઞાનીઓ, સ્ત્રીઓ તરફ એમની કરુણાનો સ્રોત સદા વહેતો હતો. જીવનધોરણ સાથે સંસ્કાર ધોરણ પણ ઉંચું જવું જોઈએ. ઉચ્ચવિદ્યા વિભૂષિત, સંસ્કારસંપન્ન અને સંસારી પણ સ્વચ્છ જીવન દરેકને મળવું જોઈએ તેની તકો માનવસમાજને વધુને વધુ પ્રાપ્તિ થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન થવી જોઈએ એવો એમનો આગ્રહ હતો.

સંપૂર્ણ વિવેકભરી જાગૃતિ, મુક્તચિત્તાવસ્થા, નીડર, સ્વતંત્ર વિચારણા કરુણામય હૃદયભાવના—એ બધું એમનું જીવન બોલતું હતું અને કથનમા પ્રસાર પામતું હતું. એ વિશિષ્ટ પ્રકારનો દિવ્ય જુસ્સો ધરાવનાર હતા. આધુનિક યુગની આ લેખની શરૂઆતમાં જણાવેલી પરિસ્થિતિને પાર કરવાની એમની ધગશ ખૂબ તીવ્ર હતી.

એમને આજની પરિસ્થિતિ ખૂબ ખટકતી હતી અને તેથી મીશનરી ઝીલ રાખીને તે દૂર કરવી જોઈએ એમ એઓ માનતા. સ્વ. પંડિત સુખલાલજી ને સહસ્ર પ્રણામ હો.

—o—



# શ્રદ્ધાની દીવડી

શ્રી હરિભાઈ ભોજાણી

વેદોની વાણી, શાસ્ત્રોની સરવાણી અને અનુભવીઓની અમૃત વાણીમાંથી આપણે વારંવાર સાંભળીએ છીએ કે જ્યારે જ્યારે પૃથ્વી પર પાપાચારની વૃદ્ધિ થાય છે અને અધર્મનો અતિરેક થઈ જાય છે ત્યારે ત્યારે કાળદેવતાઓનો ક્રૂર અને રાક્ષસી પંજો પૃથ્વી પર પોતાના ભયાનક સપાટા ફેરવતો ફરી વળે છે.

સૌરાષ્ટ્રના પેરિસ સમા મોરબી નગરમાં કાળદેવતાએ તા. ૧૧-૮-૭૯ ના રોજ પોતાનો રાક્ષસી પંજો ફેલાવ્યો. શહેરના સુખી નાગરિકો હજુ તો બપોરની નિદ્રામાંથી ઊઠીને ચા પીવાની તૈયારી કરતા હતા ત્યાં જ બરાબર સાડાત્રણ વાગે મચ્છુમૈયાએ પોતાનું વિનાશકારી તાંડવ શરૂ કરી દીધું. ગુજરાતી ભાષામાં એક કવિએ લખેલ છે કેઃ—"જે પોષતું તે મારતું" એ ઉક્તિ મુજબ મોરબીને મચ્છુ મૈયાએ જ ખૂબ પોષણ આપેલ છે. નદી કિનારે જેવી રીતે પુરાતન સંસ્કૃતિઓ પાંગરે છે, તેવી જ રીતે મચ્છુમૈયાને કિનારે સોડ તાણીને સુતેલી મયુરપુરીને વિકસાવવામાં આ મચ્છુમૈયાનો જ મહદ્ ફાળો છે. તેના કિનારે નાના મોટા અનેક ઉદ્યોગો ખીલેલા છે જે મચ્છુમૈયાના પાણીને જ આભારી છે. આમ એ જ પાણીએ મોરબીને તાર્યું અને માર્યું. મચ્છુમૈયાની એક જ રાક્ષસી થપાટે મોરબીને અંશતઃ જમીનદોસ્ત કરી નાખ્યું. ત્રણ ચાર કલાકના જ ખેલમાં ક્રૂર કાળદેવતાએ પોતાની પૂરેપૂરી પાશવી લીલાનું પ્રદર્શન કરી બતાવ્યું. માન-

વીના અહં ને ઓગાળી નાંખ્યો. 'હુ કરું હું કરું ' એ જ અજ્ઞાનતા ' વાળા માનવીના એ મિથ્યા અહં ને ગણત્રી-ની પળોમાં જ ઓગાળી નાખ્યો. વર્ષોની જહેમત પળવાર-માં ધોવાઇ ગઈ. એક જ ક્ષણમાં પહાડી મોજાંઓ મયુરપુરીમાં ફેલાઈ ગયાં અને માનવીઓ તેમ જ પશુઓની કારમી ચીસો થી શહેરના સમગ્ર વિસ્તારો રૌદ્ર બની ગયા. કંઈકના રાંકના રતન રોળાઈ ગયાં, કેટલીયે નવ યૌવનાઓ અકાળે વૈધવ્યને વરી, જેમના કાંડેથી રક્ષાબંધનની 'રક્ષા ' પણ હજુ દૂર થઈ ન હતી તેવા અસંખ્ય બાંધવો પોતાની વહાલસોયી બેનડીઓને છોડીને સદાને માટે ચાલ્યા ગયા, સવારે જ હજી જેનું પૂજન અર્ચન ઈત્યાદિ થયેલ તેજ સવાસ, ગૌમાતાઓ ભયાનક રીતે ભાંભરતી ભાંભરતી અસહાય બનીને મચ્છુ-મૈયાની ગોદમાં સમાઈ જતી નજરે નિહાળી પણ બચાવી શકાય તેમ ન હતી.

મોરબીની તદ્દન સમીપ સ્થિત મચ્છુ બંધના પાણી રાક્ષસી ઝડપે, પ્રચંડકોપ પ્રવાહ દ્વારા શહેરમાં ઘૂસી ગયાં. માનવી ઊંચા આશ્રય સ્થળે જવા દોટ મૂકે ત્યાંજ જળદેવતાના પાશવી બાથમાં ભીડાઈ જતો અને પળવારમાં જ અસ્તિ નાસ્તિ થઈ જતો. શહેરના ઘણા વિસ્તારમાં પચ્ચીસ ત્રીસ ફૂટની ભયાનક સપાટીએ પાણી ચઢતાં, ઘણા નીચાણવાળા વિસ્તારોને તો બીજો મજલો પણ નકામો બની ગયો. તેથી લોકોએ ઘરોના છાપરાઓ પર, વૃક્ષો પર, બત્તીના થાંભલા-ઓ પર કે મંદિરોના શિખરો પર આશ્રય લીધો. પૂરના પાણી ઓસરી જતાં આખાયે શહેરમાં, ઘરોમાં અને દુકાનો-માં બે થી દસ ફૂટ જેટલો કાદવ પથરાઈ ગયો હતો. તે કાદવને દૂર કરવાનું કામ ઘણુંજ કઠિન હતું. હજારો લાશો



પશુઓના અસંખ્ય મૃતદેહો, સડેલ અને પલળેલ દુર્ગંધ મારતું અનાજ તેમ જ અન્ય કાટમાળને દૂર કરવાનું ભગી-રથ કાર્ય બાકી હતું. લોકોના ઘરોમાં પીવાનું પાણી, દૂધ, માચીસ, કેરોસીન કે અનાજનો દાણો પણ ઉપલબ્ધ ન હતા. બીજે દિવસે સહુ પોતપોતાના સ્વજનોને શોધતા હતા. ત્યારે જ શહેરમાંથી જાણવા મળ્યું કે મોરબીના સામા કાંઠાના વિસ્તારને જોડતો અને કચ્છમાં જવાના હાઈવે તરીકે વપરાતો વિખ્યાત અને મજબૂત પાડાપૂલ તદ્દન જમીન દોસ્ત થઇ ગયો હતો. ભારતના ગૌરવ સમો પ્રખ્યાત ઝુલતો-પુલ ( Hangiing Bridge ) પણ ટૂકડે ટૂકડા થઇને મચ્છુ મૈયાની છાતી ઉપર ઝળુંબી રહ્યો હતો.

મોરબી રેલ્વે વર્કશોપના રીટાયર્ડ અધિકારી શ્રી લાભ-શંકરભાઇ મહેતાનું કુટુંબ પૂ. શ્રી યોગેશ્વરજી ઉપર અનન્ય શ્રદ્ધા ભક્તિ ધરાવે છે. તે કુટુંબ નાના મોટા પ્રત્યેક કાર્ય-માં પૂ. શ્રીને અનન્ય શ્રદ્ધાભક્તિપૂર્વક યાદ કરે, પ્રાર્થે, પોકારે અને ખરેખર તેમના કાર્યો પણ, તેમના કહેવા મુજબ પૂ. શ્રીની પરમ કૃપાથી સાંગોપાંગ સફળ થઈ જાય છે. શ્રી મહેતા સાહેબના યુવાન પુત્ર અનેકવાર આવા શ્રદ્ધા-ભક્તિ દ્વારા પોતાને મળેલ સફળતાઓના પ્રેરક પ્રસંગો મારી સમક્ષ વર્ણવતા હોય છે. આમાં મોરબીની ભયાનક હોનારતના દિવસે તેમને જે ચમત્કાર જોવા મળેલ તેનું વર્ણન કરતા તેઓ કહે છે, " પૂરના પાણી એટલી બધી ઝડપે અમારા ઘરમાં ઘૂસી ગયાં કે અમે લેવા જેવું પણ કાંઈ લઈ શકયા નહિ અને ખૂબ જ ઝડપથી મેડીઉપર ચઢી ગયા. અમારું મકાન નીચે છે તેથી સહુએ પાડોશીની મેડીનો આશ્રય લીધો. પૂરના વધતા જતાં પાણી રાક્ષસી મોજાંઓ સાથે

માનવ શક્તિઓને બૂઠી બનાવી રહ્યા હતાં. એવે વખતે પૂ. શ્રી નું સ્મરણ એ જ એક માત્ર આશરો હતો. ઘણા વખત પછી મારા પત્નીએ કહ્યું કે બાબા માટેના દૂધની તપેલી ભરેલી ઘરમાં રહી ગઈ. બાબો દૂધ વિના કોઇ રીતે પણ રહેશે નહિ. આમ રાત્રિ કેમ પસાર કરવી તે એક મહાન સમસ્યા હતી. હવે તો ઘરો પાણીથી અને કાદવથી સંપૂર્ણ પણે ભરાઈ ચૂક્યાં હતાં. ડૂબતો તરણું પકડે તેમ પૂ. શ્રી ને વિનવીને કાંઇક રસ્તો કરવા પ્રાર્થના કરેલ. પ્રાર્થનામાં મને ખાસ શ્રદ્ધા છે, કેમકે નાનપણમાં જ મેં ટેનીસનનું વાક્ય વાંચેલ કે "More things are wrought by prayer than this world dreams of" અર્થાત્ દુનિયાના માનવીઓ જેનાં સ્વપ્ના સેવે છે તેથી વધુ વસ્તુઓ પ્રાર્થના દ્વારા પ્રાપ્ત થાય છે. અને આશ્ચર્યની વાત છે કે રાત્રે અમે તે કાદવ કીચડ અને ડોળા પાણીથી ભરેલા ઘરમાં ઉતર્યાં તો ટેબલ ઉપર એમ ને એમ જ સ્થિતિમાં દૂધની તપેલી થાળી ઢાંકેલ હાલતમાં સુરક્ષિત પડી હતી. તપેલી ખોલીને બેટરીનો પ્રકાશ ફેંકતા જાણે હમણાં જ આવેલું દૂધ હોય તેવું ભરેલ હતું. ઘરની અન્ય કોઇ જ વસ્તુ વ્યવસ્થિત ન હતી. બધું જ કાદવ, કીચડમાં ખૂચીને અસ્તવ્યસ્ત થઈને પડેલ હતું." રમણભાઈએ ઉપસંહારમાં કહ્યું કે તે રાત્રે બાબાએ દૂધ પીધું અને અમે સહુએ પૂ. શ્રી પ્રત્યેની અનન્ય શ્રદ્ધા ભક્તિના પિયુષનું પાન કર્યું. તેમની આંખમાં શ્રદ્ધા ભક્તિની ચમક દૈવી, બેનમૂન અને અભૂત પૂર્વ દષ્ટિગોચર થતી હતી.

—∞—

## ઇશ્વરની અનુભૂતિ ઇંદ્રિયગમ્ય નથી

લૌકિક વિજ્ઞાન સમજવું સરળ છે. પણ વેદાંત સમજવું કઠિન છે. વિજ્ઞાનની શોધખોળો, વિજ્ઞાનના નિયમો ઇન્દ્રિયોના ક્ષેત્રમાં આવી જાય છે. વૈજ્ઞાનિક આકાશનાં નક્ષત્રો, વાદળો, વગેરે વિષે વર્ણન કરે, સિદ્ધાંતો બતાવે તે બધું દૂરબીનથી જોઈ શકાય. પરંતુ ભગવાન બુદ્ધ, મહાવીર, કૃષ્ણ કે ક્રાઇસ્ટ જેવા પરમ વિજ્ઞાની કહે કે: 'જ્યારે પુરુષ ગુણાતીત બને છે ત્યારે કામથી પર થઈ જાય છે; એમના આ શબ્દો તો આપની પાસે પહોંચે છે, પણ એ અવસ્થાને આપ નહિ ઓળખી શકો.

"જ્યારે વ્યક્તિ સરળ બને અને સદાચારી બની જાય, તેનું જીવન સ્વાભાવિક ને સંયમી બની જાય, ત્યારે તેની અંદરથી રસ આવવા લાગે છે. આ શબ્દો તમે સાંભળી શકો છો, પણ એ રસ તમને નહિ મળે. રસાનુભૂતિ માટે તમારે એ શબ્દો પ્રમાણે જીવનને ઢાળવું પડશે. અધ્યાત્મના અનુભવીઓના શબ્દો પ્રમાણે તમારે જાતે યાત્રા કરવી પડશે. એમના શબ્દો યાત્રા કરવાના ઇશારા આપશે, અનુભવ નહિ આપે. અનુભવ આપે જાતે કરવાનો રહેશે. વૈજ્ઞાનિકોની વાત તમને અનુભવ કરાવશે ઇન્દ્રિયો દ્વારા, કારણ કે વિજ્ઞાનનું ક્ષેત્ર ઇંદ્રિયગમ્ય છે. જ્યારે અધ્યાત્મનું ક્ષેત્ર ઇન્દ્રિયાતીત છે.

બુદ્ધિવાદી લોકો વિજ્ઞાનીની વાત જલદી માની લે છે. પણ વેદાંતની, અધ્યાત્મની વાત જલદી માની શકતા નથી.

સંત શ્રી આશારામજી

## ભૂલી જાઓ

તમારા દ્વારા કોઈ વ્યક્તિની કોઈ પ્રકારે જો સેવા થઈ હોય તો તેનું અભિમાન ન કરો. ને તમે એના ઉપર ઉપકાર કર્યો છે, એ વાત ભૂલી જાઓ. એ નિશ્ચય સમજો કે તમારા દ્વારા જે સેવા થઇ ને એને સુખ મળ્યું, તે તો તેના પૂર્વ-જન્મના કોઈ શુભ કર્મના ફળરૂપ હતું. તમે તો તેમાં કેવળ નિમિત્ત બન્યા છો. ઈશ્વરનો આભાર માનો કે એણે તમને આવા શુભ કામના નિમિત્ત બનાવ્યા. વળી તે વ્યક્તિનો પણ આભાર માનો કે એણે તમારી સેવાનો સ્વીકાર કર્યો.

## યાદ રાખો

તમારા દ્વારા કોઈ પણ પ્રાણીનું કંઇ અનિષ્ટ ન થાય ને કોઈને કોઈ પણ પ્રકારનું દુઃખ ન પહોંચે તેનું સાવધાની પૂર્વક ધ્યાન રાખો. એવા વિચાર કદી ન કરો, કે એના ભાગ્યમાં એ દુઃખ લખાયેલું હશે, તમે તો તેમાં નિમિત્ત છો. એમાં તમારો કોઈ દોષ નથી.

સાચું એ છે કે એના ભાગ્યમાં જે કંઈ લખાયું હોય, તેનાથી તમારે કોઈ મતલબ નથી. તમારા માટે તો શાસ્ત્રો અને ઈશ્વરની એ આજ્ઞા છે કે તમે કોઈનું અનિષ્ટ ન કરો. એ માટેનું નિમિત્ત ન બનો. નહિ તો કર્મના નિયમ પ્રમાણે તમારે એનું ફળ અવશ્ય ભોગવવું પડશે જ એમાં સંદેહ નથી.

**હનુમાન પ્રસાદ પોદ્દાર**

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ જગાશેઠનાડેલામાં લોખંડબજાર, ભાવનગર